પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૫/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખ સુદ-૪ વર્ષ : ૧૫ અંક : ૧૨૭

**સુવિચાર**

શાસ્ત્રોનો જાણકાર હોય પણ જે માણસ લોકવ્યવહાર જાણતો નથી તે મૂર્ખ છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

## જય સહકાર

વિશ્વની નંબર ૧ રાસાયણીક ખાતરનું ઉત્પાદન કરતી ખેડુતોની સહકારી સંસ્થા ''ઈન્ડીયન ફાર્મર્સ ફર્ટીલાઈઝર કો.ઓપ.લી.'' (ઈફકો)માં ચેરમેન તરીકે બિનહરીફ નિમણુંક થવા બદલ સહકાર શિરોમણી શ્રીમાન દિલિપભાઈ સંઘાણીને ખુબ ખુબ અભિનંદન








## શ્રીમાન દિલિપભાઈ સંઘાણી

– ચેરમેનશ્રી ઈફકો

:: બોર્ડ ઓફ ડિરેકટર્સ ::

ભાવેશ બી. રાદડિયા – ચેરમેનશ્રી

પ્રકાશ જી. વિરાણી – વા. ચેરમેનશ્રી

:: ડિરેકટર્સ ::

ભુપતભાઈ જી. ધામત
ડો. જે. ડી. કુંભાણી
ભરત બી. ગરણીયા
ત્રિકમભાઈ બી. શિંગાળા
બાલુભાઈ પી. કિકાણી
તુષાર એચ. ધોરાજીયા

દિનેશભાઈ બી. શિરોયા
ભનુભાઈ જે. ડાભી
આર.બી ભાલાળા
વિપુલ એમ. દુધાત
ક્રિષ્ના બી. રાદડીયા
ચંદ્રિકા જી. હિરપરા

:: મેનેજર::

ભદ્રેશ બી. રાદડીયા

## શ્રી પ્રગતિ સેવિંગ્ઝ એન્ડ ક્રેડિટ કો–ઓ. સો. લિ.

હેડ ઓફિસ : શ્રી દિલીપ સંઘાણી સહકાર ભવન, ૧, આદર્શ સોસાયટી, રેલ્વે સ્ટેશન રોડ, લીલીયા મોટા.
બ્રાંચ ઓફિસ : ૫ શિવાલીક પ્લાઝા, કાપોદ્રા–ઉત્રાણ, મોટા વરાછા, સુરત. મો. ૯૮૨૪૪ ૪૦૦૫૦

## ભાજપનાં ૩-૩ કદાવર નેતાઓએ ખુલ્લેઆમ આપ્યું સ્ફોટક નિવેદન

# ભૂકંપ : રાદડીયા, સંઘાણી બાદ નારણ કાછડીયા ભાજપ સામે બગડયા

**વિપક્ષ પાસે કશું જ નથી છતાં પણ ભાજપને હંફાવે છે છતાં પણ પક્ષની કાર્યપધ્ધતિ બદલાતી નથી**

**અમરેલી બેઠક ઉપર ભાજપે ''થેન્ક યુ'' પણ ન બોલી શકે તેમને ઉમેદવાર બનાવાયા**

**કોંગ્રેસ, આપનાં કાર્યકરો સવારે આવે અને તેમને સાંજે મહત્વનું પદ મળી જાય**

**ભાજપમાં છેલ્લા ૨૦ વર્ષથી દબાયેલ સ્પ્રીંગ ઉછળતા ખળભળાટ મચી ગયો**

અમરેલી, તા.૧૦

લોકસભાની ચૂંટણી પૂરી થતા જ ભાજપના નેતાઓનો આંતરિક વિવાદ ઉભરો બનીને બહાર ઠલવાઈ રહ્યો છે. ભાજપે કરેલા ભરતી મેળાથી ભાજપના જ અનેક નેતાઓ અને કાર્યકર્તાઓ નારાજ થયા છે. લોકસભાની ચૂંટણીમાં તેની અસર પણ જોવા મળી હતી. ત્યારે હવે લોકસભાની ચૂંટણી પત્યા પછી ભાજપના દિગ્ગજ નેતા નારણ કાછડિયાની નારાજગી સામે આવી છે. સંઘાણી બાદ ભાજપના બીજા દિગ્ગજ નેતાએ પ્રદેશ નેતૃત્વ પર લગાવ્યા ગંભીર આરોપ લગાવ્યા છે. અમરેલીમાં જેની ટિકિટ કાપીને ભરત સુતરિયાને ભાજપે ટિકિટ આપી હતી, તે નારણ કાછડીયાએ જાહેરમાં ભાજપનો વિરોધ વ્યક્ત કર્યો છે.

મતદાન પૂરું થતા જ અમરેલીના નારણ કાછડીયાએ ભાજપ માટે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપને તેમની ટિકિટ કાપી હતી. ત્યારે હવે નારણ કાછડીયાએ પક્ષ વિરોધ સ્ફોટક નિવેદનો કર્યા છે. ભાજપના ભરતી મેળા વિશે એક કાર્યક્રમમાં નારણ કાછડીયાએ કહ્યું કે, કાર્યકર્તાઓને ઉભો કરતા દસ વર્ષ લાગે છે. કાર્યકર્તાઓને તોડવાની કોઈ કોશિશ ના કરે, કાર્યકર્તાની પાછળ અમે બેઠા છીએ. કોંગ્રેસ અને આપમાંથી કાર્યકરો સવારે આવે અને સાંજે હોદ્દો મળી જાય છે. બીજે દિવસે કેબિનેટના મંત્રીના પદ મળી જાય.. સંગઠનના પદ મળી જાય.. ધારાસભ્યની ટિકિટો મળી જાય.. તમે પાર્ટીમાં નિયમ પ્રમાણો લો, આપણે સરવાળો કરવાનો છે, બાદબાકી નથી કરવાની તે અમે જાણીએ છીએ. કાર્યકર્તાઓને પાર્ટીમાં લો, પરંતુ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓના ભોગે નહીં.

આમ, પક્ષપલટુઓ પ્રત્યે નારણ કાછડીયાએ ભારોભાર નારાજગી વ્યક્ત કરી હતી. આ મુદ્દે તેમણે આગળ કહ્યું કે, ભાજપના કાર્યકર્તા ૩૫-૩૫ વર્ષથી કામ કરતો હોય અને પાર્ટીના ઝંડા લગાવતો હોય.. નારા લગાવતો હોય.. અને તમે કાલે સવારે લઈ આવો એ સ્ટેજ પર બેસે અને સિનિયર કાર્યકર્તા સામે બેઠો હોય તે કેટલા અંશે વ્યાજબી કહેવાય?'' વધુમાં તેમણે કહ્યું કે, ભાજપના કોઈ પણ કાર્યકર્તાને સાઈડલાઈન કરીને કોઈને પદ કે હોદ્દો આપવો.. જે કાલે



સવારે આવ્યા હોય.. તેમના માટે તો ક્યારે સ્વીકારી ન શકીએ.

ઓછા મતદાન વિશે કાછડીયાએ કહ્યું કે, વિપક્ષ પાસે કશું જ



નથી છતાં આપણને હંફાવે છે. અમરેલી લોકસભા બેઠક પર દોઢ લાખ મત ઓછા પડ્યા હતા. ઉમેદવાર સિલેક્શન કરીને મતદારોનો દ્રોહ કર્યો છે.



અમરેલીમાં બહુ બધા ઉમેદવાર લાયક લોકો હતા. જે 'થેંક્યૂ' પણ નો બોલી શકે એને ટિકિટ આપી છે.

આમ, નારણ કાછડિયાએ આરોપ લગાવ્યો હતો કે ભાજપે નબળા ઉમેદવારને મેદાને ઉતાર્યા છે.

તેમણે દાવો કર્યો હતો કે કોંગ્રેસે ભાજપને હંફાવ્યા છે. તે સિવાય ભાજપમાં કોંગ્રેસ અને અન્ય પક્ષના નેતાઓને સામેલ કરવાને લઈને પણ કાછડિયાએ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ભાજપમાં થયેલી વેલકમ પાર્ટીઓ મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા.

ગઈકાલે દિલીપ સંઘાણીએ નામ લીધા વિના પાટીલ પર નિશાન સાધ્યું હતું. સંઘાણીએ ભાજપમાં આવતા કોંગ્રેસના નેતાઓ મુદ્દે પાટીલ પર નિશાન સાધ્યું હતું. પક્ષ પલટો કરનારાઓને પદ આપવું એને ઈલુ-ઈલુ કહેવાય છે. ઈલુ-ઈલુ કહીને સહકારી ક્ષેત્રને બદનામ કરવાનો પ્રયાસ છે. પ્રદેશ ભાજપમાં ઈફકોની ઉમેદવારી મુદ્દે સંકલનનો અભાવ છે. મેન્ડેટ આપવો એ જ સંકલનની ખામી છે. ઈફકોની જેવી સંસ્થામાં ક્યારે મેન્ડેટ અપાતા નહોતા. જયેશ રાદડિયાને પણ મેન્ડેટની જાણ નહોતી. મને પણ મેન્ડેટની જાણ નહોતી. જયેશ રાદડિયાના ફોર્મ બાદ બિપીનભાઈએ ફોર્મ ભર્યું હતું. સંકલન કર્યું હોત તો આજે આ પરિસ્થિતિ સર્જાઇ ના હોત. સંગઠનના સંકલનના અભાવના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી.

**ડાભાળી, ધારી, વાંકીયા, ખાંભળીયા અને અમરેલી સહિત**

## જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં અર્ધો ડઝન બનાવ નોંધાયા

**જુદા-જુદા પોલીસ સ્ટેશન દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરાઈ**

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન છ જેટલા અલગ અલગ અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાતા સ્થાનિક પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

પ્રથમ બનાવમાં ધારી તાલુકાના જીરા ગામે રહેતા અશ્વિનભાઈ ભરતભાઈ ચારોલીયા નામનાં ૨૦ વર્ષિય યુવકને તેમના કુટુંબીભાઈના પત્નિ સોનલબેન સાથે પ્રેમ સબંધ હોય, એકાદ માસ પહેલા આ અશ્વિનભાઈ તથા સોનલબેન જીરા ગામેથી ભાગી જઈ માધુપુર ગામની સીમમાં આવી બંનેએ પોતે પોતાની મેળે કોઈ ઝેરી દવા પી લેતા બંનેને અમરેલી સારવારમાં દાખલ કરેલ હોય જયાં સારવાર દરમ્યાન અગાઉ સોનલબેનનું અવસાન થયેલ હોય, અને મરણજનાર અશ્વિનભાઈ ભરતભાઈ ચારોલીયાને સારૂ થઈ ગયેલ બાદમાં તા.૯ ના બપોરે ૧વાગ્યે ડાભાળી ગામની સીમ અશ્વિનભાઈએ સોનલબેન સાથેના પ્રેમ સબંધના કારણે મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે દોરડા (રસ્સી) વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ ગયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં ધારીના વાઘાપરા, જુના પોલીસ સ્ટેશન સામે રહેતા પ્રફુલભાઈ કાળુભાઈ પાટડીયાના પુત્ર મરણજનાર વિક્રમભાઈ પ્રફુલભાઈ પાટડીયાના ૨૧ વર્ષિય યુવકે ગત તા.૪/ના રોજ સવારે ૭/૩૦ વાગ્યે યુવકના કાકાના ઘરે અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી લેતાં તે મરણ ગયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં અમરેલી તાલુકાના વડેરા ગામે રહેતા જાહેર કરનાર કાળુભાઈ શામજીભાઈ બારૈયાના માતા રાજીબેન શામજીભાઈ બારૈયા નામનાં ૯૧ વર્ષિય વૃપ્રધા છેલ્લા દશ વર્ષથી માનસીક રોગની બિમારી હોય જે બિમારીથી કંટાળી જઈ વૃપ્રધાએ તા.૮ ના રોજ વડેરા ગામે પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા મરણ જતાં મરણ ગયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ચોથા બનાવમાં અમરેલી તાલુકાના વાંકીયા ગામે આવેલ હનુમાન શેરી જુના કોળીવાડમાં રહેતા રાધાબેન જીવણભાઈ પાટડીયા નામની ૨૩ વર્ષિય યુવતિએ તા.૯ ના રોજ વાકીયા ગામે કોઈ અગમ્ય કારણોસર સ્લેબના હુકમાં ચુંદડીનો ટુંકડો બાંધી ગળા ફાસો ખાઈ મરણ ગયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાંચમાં બનાવમાં રાજુલા તાલુકાના ખાંભલીયા પરૂ, લીલાપીરની ધાર પાસે રહેતા રમેશભાઈ ભોળાભાઈ વેગડના પત્નિ કૈલાસબેન છેલ્લા આઠેક દિવસથી પોતાના પીયર મળવા ગયેલ હોય, અને મરણજનાર રમેશભાઈ ઘરે એકલા રહેતા હોય, તે સમય દરમ્યાન તા.૮ ના રાત્રીના આશરે નવેક વાગ્યાથી તા.૯ ના સવારના આશરે નવેક વાગ્યા દરમ્યાન મરણજનાર રમેશભાઈએ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરની ઓસરીના ઠેલ સાથે સાડી બાંધી સાડી ગળામા વીટાળી નગ્ન હાલતમાં ગળા ફાંસો ખાઈ મરણ ગયાનું રાજુલા પોલીસમાં જાહેર થવા પામેલ છે. જયારે છઠ્ઠા અને અંતિમ બનાવમાં અમરેલીના રોકડ નગરમાં રહેતા વિમલ વિનુભાઈ કાલેણા નામનાં ૨૩ વર્ષિય યુવકે તા.૯ ના સાડા આઠેક વાગ્યે અમરેલીના રોકડનગર ખાતે કોઈ કારણોસર રૂમમાં ઓછાડને પંખા વડે બાંધી પોતાની મેળે ગળા ફાસો ખાઈ મરણ ગયાનું અમરેલી સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**સાવરકુંડલાનાં પાઠક પરિવાર ઉપર પહાડ જેવી આફત ત્રાકટી**

## પુત્રવધુએ માતાની મદદથી સાસુની ઘરેલું કંકાસનાં કારણે હત્યા કરી નાખતા સભ્ય સમાજ સ્તબ્ધ

**પોલીસે આરોપી બંને મહિલાઓની અટકાયત કરી લીધી**

અમરેલી, તા. ૧૦

ટીવી સિરિયલની ખૌફનાક ક્રાઈમ સ્ટોરી કરતાં પણ વધુ ધ્રુણાસ્પદ ઘટના બનવા પામેલ છે. જેમાં સાવર કુંડલાની ફ્રેન્ડ સોસાયટીમાં પારિવારિક ઝગડા તથા સંપત્તિ હડપ કરી જવાના ઈરાદે પુત્રવધુએ પોતાની મા સાથે મળી મા સમાન સાસુની કરપીણ હત્યા કરી નાંખી હતી. આ મહિલાની હત્યાનો ભેદ ઉકેલી આરોપીઓને પકડી પાડતી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની ટીમ.

સાવરકુંડલામાં આવેલ ફ્રેન્ડ સોસાયટીમાં રહેતા બીનાબેન જીજ્ઞેશભાઈ પાઠક નામનાં ૫૨ વર્ષિય મહિલાના ઘરે ગત તા. ૮ના રોજ સવારના કલાક ૭ઃ૩૦ વાગ્યાથી રાત્રીના કલાક ૯ વાગ્યાના સમય દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમે ઘુસી આવી અને અગમ્ય કારણોસર આ બીનાબેન ડોકના ભાગે તથા માથાના ભાગે તીક્ષ્ણ હથીયાર વડે જીવલેણ ઘા મારી શરીરે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવેલ હોય. જે અંગે મહિલાના પુત્ર વૈભવભાઈ જીજ્ઞેશભાઈ પાઠકે ફરિયાદ કરતા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ–૩૦૨ મુજબ અજાણ્યા આરોપી વિરૂધ્ધ પોલીસે તપાસ હાથ ધરી હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે તેમજ સાવરકુંડલા ડીવીઝનના ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડના સુપરવિઝન હેઠળ ખુન જેવા ગંભીર અનડીટેકટ ગુન્હાઓ ડીટેકટ કરી આરોપીઓને પકડી પાડવા માર્ગદર્શન આપેલ હતું. જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પરમાર તથા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ કરવામાં આવેલ અને શકદારોને તપાસતા બનાવવાળી જગ્યાની આસપાસ રહેતા રહીશો તેમજ મૃતક મહિલાના સગા સંબધીઓની પુછપરછ કરી તેમજ આ ગુન્હો બનવાના કારણો અંગે તપાસ કરવામાં આવેલ હતી. અંગત બાતમીદારો તથા ટેકનીકલ સોર્સ દ્વારા આરોપીઓ અંગે તપાસ દરમ્યાન મૃતક મહિલાના પુત્રવધુ તાબેન વૈભવભાઈ જીજ્ઞેશભાઈ પાઠક તથા આરોપીની માતા સોનલબેન કીરીટભાઈ શાસ્ત્રી (રહે. અમદાવાદ) વાળી બે શંકાસ્પદ મહિલાઈસમોની સઘન પુછપરછ કરતા



તેઓએ આ ગુન્હાને અંજામ આપેલ હોવાની ચોંકાવનારી કબુલાત આપેલ હતી.

પકડાયેલ આરોપી પૈકી `તાબેન વૈભવભાઈ પાઠક મૃતક મહિલાના પુત્રવધુ થતા હોય જેથી ઘરમાં સાસુ વહુ વચ્ચે અવાર નવાર પારીવારીક ઝઘડાઓ થતાં હોય તથા સાવરકુંડલામાં વિધવા મહિલાની હત્યામાં ચોંકાવનારી વિગત ખુલી હતી. આરોપી પુત્રવધુએ પોતાના પતિ અને સાસુ બંનેને મારી નાખી પત્નીને તમામ સંપત્તિ હડપ કરી જવી હતી. જેથી પુત્રવધુ`તાબહેને પોતાની મમ્મી સોનલબેન શાસ્ત્રીને પારીવારીક ઝઘડાઓ અંગેની તથા સંપત્તિ હડપ કરવા જાણ કરેલ હતી. જેથી તેણીની મમ્મી અમદાવાદથી અહીં સાવરકુંડલા મુકામે તેમના દિકરીના ઘરે રોકાવા માટે આવેલ હતા. મૃતક મહિલાના પુત્ર વૈભવભાઈ પાઠક નોકરીના કામે બહાર ગયેલ હોય તે દરમ્યાન આરોપી માતા–પુત્રી બંનેએ મળી મૃતકના શરીરે બ્લાઈન્ડર મશીન વડે જીવલેણ ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી બીનાબેન જીજ્ઞેશભાઈ પાઠકનું મોત નીપજાવેલ હતું. આ બનાવમાં આરોપી માતા પુત્રીની પોલીસે અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

## અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિનપ્રતિદિન કથળી રહી છે

**કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરાઈ**

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના ધજીયા ઉંડી રહ્યા છે. રાજુલા પાસે એક યુવાનને રહેસી નાખીને તેના ડેડ બોડીને ઘરે ફેંકી દેવામાં આવે. ચુંટણીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે પણ પોલીસ કાયદો અને વ્યવસ્થામાં બેધ્યાન બની છે. અમરેલી જિલ્લો ભગવાન ભરોસે ચાલતો હોય તેવું દેખાઈ રહ્યું છે. લોકોના જાન–માલનું પોલીસ રક્ષણ કરવાને બદલે પોતાના કામ–ધંધામાં વ્યસ્ત તે પ્રકારનો વ્યવહાર ચાલી રહ્યો છે તેમ લોકોમાં લાગી રહ્યું છે. ૨૦૦ કરોડ ઉપરની ડ્રગ્સ બાબત આ ડ્રગ્સ બનાવનાર કોણ છે ? તેની તપાસ કરવાને બદલે પોલીસ ત્યાંથી પોતાને શું મળે તેમ છે, દારૂની હેરફેર બેફામ બની છે, ખનન પ્રવૃત્તિમાં પણ સરકારનાં કરોડો રૂપિયા ડુબી રહ્યા છે અને લોકોને રેતી મોંઘી મળી રહી છે. આ ખનન પ્રવૃત્તિમાં મોટાભાગનાં પોલીસની નજીક રહેતા લોકો મોટી હપ્તાખોરી કરીને રેતીનું ખનન કરી રહ્યાં છે. ઈકોઝોનમાં આવતાં વિસ્તારમાંથી પણ રેતી ખનન થઈ રહી છે. ત્યારે પોલીસ શું કરવા માંગે છે ? તે બાબતના વેધક સવાલો લોકોમાં ચાલી રહ્યા છે. તાજેતરમાં રાજુલા પાસે થયેલા ખુન બાબતમાં પોલીસ બેધ્યાન હોય તેવું તેમના કુટુંબીજનો માની રહ્યા છે. રાજુલાની પોલીસ ઉપર કોઈના દબાણના કારણે સાચી દિશામાં તપાસ થતી નથી તેવું પણ કુટુંબીજનોને શંકા છે. આ બાબતે મને



મળેલી દુરવાણી સંદેશા બાબતમાં તેમના થયેલા ખુન બાબતે તેમના કુટુંબીજનો ખુબજ ચિંતામાં છે પરંતુ પોલીસ ગંભીર ન હોય તેવું તેમને લાગી રહ્યું છે. પોલીસ પણ સંડોવાયેલી હોય તો પણ તેમનાં ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. ૨૦૦ કરોડથી વધારે ડ્રગ્સ બનાવતા અમરેલીમાં બનાવો બાબતમાં એકપણ પોલીસ અધિકારી ઉપર પગલા લેવાયા નથી તે શું સુચવી રહ્યું છે? દસ હજારનો કોઈના પોલીસ સ્ટેશન નીચે દારૂ પકડાય તો પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કરવામાં આવે છે તેવા નિયમો છે અને ૨૦૦ કરોડથી વધારેનો ડ્રગ્સ મસમોટી દારૂની હેરાફેરી બાબતમાં કયા પોલીસ અધિકારી ઉપર પગલા લેવાના થાય છે અને તેમ છતાં પણ લેવાતા નથી તે બાબતમાં સરકાર કેમ મૌન છે ? અમરેલીનાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ કેમ મૌન છે? તેવી અનેક પ્રકારની ચર્ચાઓ અમરેલી જિલ્લામાં ચાલી રહી છે. ત્યારે આ બાબતમાં કડકમાં કડક કાર્યવાહી કરવા માટે અને યુવાનને જે પ્રકારે રહેસી નાખી તેમનાં ઘરે ડેડ બોડીને ફેંકી દેવા માટેની જેમણે પણ પ્રવૃત્તિ કરી છે તેમની ઉપર ધોરણસરની કાર્યવાહી કરવા માટે પોલીસને કડક સુચના આપવા પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

**ઈફકોના ચેરમેન પદે બિનહરીફ થવા બદલ અને જન્મ દિવસ હોવાથી**

## અમરેલીના ભાજપ કાર્યાલય ખાતે આવતીકાલે રવિવારે દિલીપ સંઘાણીનું દબદબાભેર સન્માન કરાશે

**જિલ્લાભરમાંથી ભાજપનાં હજારો કાર્યકર્તાઓ અને આગેવાનો ઉપસ્થિત રહેશે**

અમરેલી તા.૧૦

સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણી ઈફકોમાં જયારે બીજી વખત બિનહરીફ ચેરમેન તરીકે



ચૂંટાયા છે તેમજ જોગાનુજોગ ૧૨ મે ૨૦૨૪ ના રોજ ૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૧માં વર્ષ માં પ્રવેશી રહેલ છે ત્યારે ૧૨ મે અને રવિવારના રોજ, અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સવારે ૯ કલાક થી બપોરે ૧૨ કલાક સુધીસ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, સ્નેહી મિત્રો, સ્વજન સૌ કોઈને જે દિલીપસંઘાણીને ઈફકોમાં બીજી વખત ચેરમેન તરીકે થવા બદલ અને ૧૨મી મે તેમના જન્મદિવસ નિમિતે શુભેચ્છા આપવા માંગતા હોય, તો સૌ કોઈ જિલ્લા બાજપ કાર્યાલય, મોટા બસ સ્ટેશન પાછળ, સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા દરમિયાન આવી શકે છે તેવું જિલ્લા ભાજપના પ્રમુખ રાજેશભાઈ કાબરીયાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...



(બાબરાવાળા)

આનંદ કલોથ સ્ટોર

હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



જગ્યા ભાડે આપવાની છે

બેંક, હોસ્પિટલ, ટ્યુશન કલાસિસ માટે પહેલા માળે ૬ રૂમ વાળી વિશાળ જગ્યા ભાડેથી આપવાની છે.

અશોકભાઈ હિંમતલાલ જોષી

પટેલ વાડી ગેઈટ સામે, અમરેલી રોડ, ધારી.

સંપર્ક નંબર : ૯૪૨૬૨ ૭૯૬૮૭

## અમરેલી, ખાંભા, લીલીયા, સાવરકુંડલા, બાબરા સહિત સમગ્ર જિલ્લામાં

# ભગવાન શ્રી પરશુરામજીનાં પ્રાગટય દિવસની આસ્થાભેર ઉજવણી

**અમરેલી ખાતે જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પૂજન, આરતી, શોભાયાત્રા સહિતનાં કાર્યક્રમો યોજાયા**

**સવારે ૮ કલાકે પૂજન, ૧૨ કલાકે અન્નકૂટ આરતી અને સાંજે ૫ કલાકે વિશાળ શોભાયાત્રા યોજાઈ**

**શોભાયાત્રામાં સમસ્ત બ્રહ્મસમાજનાં તમામ આગેવાનો અને બ્રહ્મ પરિવારો આસ્થાભેર જોડાયા**

**ભગવાન વિષ્ણુનાં અવતાર ભગવાન પરશુરામનો નાદ સમગ્ર જિલ્લામાં ગુંજી ઉઠયો**




અમરેલી, તા. ૧૦

અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં આજે ભગવાન વિષ્ણુનાં અવતાર ભગવાન શ્રી પરશુરામજીનાં પ્રાગટય દિનની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી મહાઆરતી, પૂજન, શોભાયાત્રા સહિતના કાર્યક્રમો ધ્વારા કરવામાં આવી હતી. આ અવસરમાં સમસ્ત બ્રહ્મસમાજ અને સર્વ સનાતન ધર્મપ્રેમીઓઆસ્થાભેર જોડાયા હતા.

અમરેલી ખાતે જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ ધ્વારા રેલ્વે સ્ટેશન નજીક આવેલ પરશુરામધામ ખાતે સવારે ૮ કલાકે પૂજન, બપોરે અન્નકૂટ–આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. તો સાંજનાં પાંચ કલાકે નાગનાથ મંદિર સહિયારી શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું જે શહેરનાં રાજમાર્ગો પર થઈને પરશુરામધામ ખાતે વિરામ પામી હતી. જયાં સાંજના ૭:૩૦ કલાકે મહાઆરતી યોજાઈ હતી. જેમાં વિશાળ સંખ્યામાં ભગવાન શ્રી પરશુરામનાં ભકતો જોડાયા હતા અને ધન્યતા અનુભવી હતી.

**લીલીયા**

લીલીયા ખાતે આજે લીલીયા તાલુકા સમસ્ત બ્રહમ સમાજ દ્વારા ભગવાન પરશુરામજી જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે બપોરના ૪ કલાકે ભીડભંજન મહાદેવ ખાતેથી બાઈક રેલીનું પ્રસ્થાન થયેલ વડવાળા હનુમાનજી ચોક ખાતે ભગવાન પરશુરામજીની પ્રતિમાનું પુજન અર્ચન કરવામાં આવેલ. ત્યાર બાદ મહાઆરતી બાદ ભાઈઓ–બહેનો ધ્વારા બહોળી સંખ્યામાં રાસ–ગરબાની રમઝટ બોલાવામાં આવી હતી. ત્યારબાદ વડવાળા હનુમાનજી ચોક ખાતેથી શોભાયાત્રા નીકળી ગાયત્રી મંદિરે સમાપન થયેલ ત્યાં આ ગાયત્રીની મહાઆરતી કરવામાં આવેલ. બાદમાં ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે લીલયા શહેર અને ગ્રામ્ય વિસ્તારના બ્રહ્મ પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન પરશુરામજીનો જય જયકાર બોલાવ્યો હતો. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, ભીખાભાઈ ધોરાજીયા, કાનભાઈ આંબા, જીજ્ઞેશભાઈ સાવજ, ગૌતમભાઈ વિછીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બ્રહ્મસમાજના પ્રમુખ કિશોરભાઈ પાઠકના માર્ગદર્શન હેઠળ જહેમત ઉઠાવી હતી.

**ખાંભા**

ભગવાન પરશુરામ જયંતીની ઠેર ઠેર ઉજવણી કરવામાં આવી રહી હોય ત્યારે ખાંભા ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તેમાં. ડી.જે.ના તાલ સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા ખાંભાના રાજમાર્ગો પર ફરી વળી હતી. આ શોભાયાત્રામાં સમસ્ત બ્રહ્મ સમાજ તેમજ ગ્રામજનો, રાજકીય આગેવાનો, સાધુ–સંતો સહિત જોડાયા હતા અને અંતે ભગવાન પશુરામ ભગવાનની મહા આરતી કરવામાં આવી અને મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત બ્રહ્મ સમાજના આગેવાનો તેમજ યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.











**અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ**

**એકલવ્ય કોમર્સ** 100% કોમર્સ

ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)

શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :

અમરેલી જીલ્લામાં સૌપ્રથમ સ્માર્ટબોર્ડ દ્વારા ડિજિટલ એજ્યુકેશન આપતી એકમાત્ર કોમર્સ સ્કૂલ

| ધો.10 P.R. આધારીત સ્કોલરશીપ | |
|---|---|
| ધો.10 P.R. | ફી માફી |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.

સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિઝીટીંગ લેકચર..

વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.

**અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..**

એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...

નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૬ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્ડની પાછળ નારાયણ નગર, અમરેલી










# વાર્તા–વૈભવ

## ચાકડો

**– ગોરધન ભેસાણિયા**

''મારું કહેવાનું એમ નથી ભગત, પણ તમે મારી 'વાત' સમજતા નથી એમ હું કહું છું.'' ડી.કે.એ સમજાવવાની કોશિશ કરી પણ મેઘજીભગતને ગળે ન ઊતર્યુ. તે રુક્ષ સ્વરે બોલ્યા : ''ઈ બધુંય એકનું એક જ થયું. ચૂલામાંથી લ્યો કે આગુણમાંથી, રાખને રાખ જ કે'વાય.''

''તમે તો ભારે કરી ભગત! તમે મારી...'' ટેવવશ ડી.કે. – વાત સમજતા નથી. અમે બોલવા ગયા પણ પછી તરત ફેરવી તોળ્યું : ''મારું કહેવાનું એટલું જ છે કે યાંત્રિક ચાકડો હોય તો સ્વાભાવિક જ વારે એને હાથથી ફેરી આપવાની મહેનત ન કરવી પડે. વળી એકધારી ઝડપી ફેરી રહે એટલે વધારે વાસણો બને. વાહન હોય તો એકસાથે ઝાઝી માટી આવી જાય ને જલદી આવી જાય એટલે સમય બચે ને ઝાઝું કામ થાય. આમ તમે અત્યારે વાસણો બનાવો છો એનાથી કયાંય વધુ વાસણો બને. વધારે વાસણો બને એ વેચાય એટલે આવક તો વધે જ ! આવક વધે એટલે જીવનમાં બદલાવ આવે જ. તમારી રહેણીકરણી ધરમૂળથી ફરી જાય.''

આ વાતની ભગત ઉપર શું અસર થાય છે તે જોવા ડી.કે. અટકયા એટલે મેઘજીભગતે શરૂ કર્યુ : ''રે'ણી–કેણીમાં શું ધૂળ ફેર પડે ? વાહન હોય તોય ખાડે જઈને મારે ધૂળ ખોદવી તો પડે જ ? આ માટી છાલકામાં ભરતો એમ વાહનમાં ભરવી–ઠાલવવી પડે. ગારો બનાવ્યા સિવાય તો વાસણો બને નંઈ ? વાસણો ઉતર્યા – પછી અને ટીપી ટીપીને ઘાટ પણ આપવો પડે ને નિભાડામાં પકવવાય પડે.'' ભગત આટલું બોલ્યા ત્યાં ડી.કે.ના પત્ની એક સરસ ઘાટવાળો ને માથે રંગીન ચિત્રોવાળો ગોળો લઈને આવ્યાં. એ ગોળા સામે જોઈને વળી ભગતે શરૂ કર્યુ : ''આ ગોળા માથે છે એવા રંગરોગાન ઓ ચિતર પણ કાઢવાં પડે. એટલે અમારા જીવતરમાં કાંઈ ફેર પડે નંઈ હાથે ફેરવો કે મશીનથી, અમારે તો ચાકડો જ ફેરવવાનો છે !''

''તમે મારી વાત...'' ડી.કે. બોલવા ગયા પણ જીભ કચરાણી હોય તેમ અટકયા–સમજતા નથી – તે શબ્દો ગળી ગયા ને કહ્યું : ''તમે મારી વાતને ગંભીરતાથી લેતા નથી ભગત ? ઘરમાં આવક વધે એટલે જીવનમાં આપોઆપ ફેરફાર આવે છે. રૂપિયા હોય તો માણસને કાંઈ નબળું ગમતું નથી. દાખલા તરીકે તમારું આ ગારમાટીનું જૂનું મકાન છે. તમારી પાસે રૂપિયા આવે એટલે આ મકાન કાઢીને ત્યાં પાકા ધાબાવાળા રૂમ બનાવાય. એમાં પંખા તો હોય જ પણ આવો તાપ અને ગરમી પડે એટલે તમને એકાદ–બે રૂમમાં એ.સી. ફિટ કરાવવાની ઈચ્છા થાય જ ખરુંને...?''

''હાલોને એ.સી. નખાવું... પછી...?'' ભગતે બાળકની જેમ સવાલ કર્યો.

''પછી શું...! એ.સી.ની ટાઢી હવામાં એ...યને લે'રથી આરામ કરાય.''

''તે...આરામ તો અટાણેય હું કરું છું. એ.સી. નેય આંટી મારે એવો આ લીમડો જ છે !'' અહોભાવથી ભગત ઘટાદાર લીમડાને જોઈ રહ્યા ને લીમડા સો વાતો કરતા હોય તેમ બોલ્યા : ''એ.સી.ની. ઈ બંધિયાર હવા કરતાં મારો આ લીમડો શું ખોટો ?''– આ પણ ચાકડાની જેમ ગોળ ફરીને પાછો હોય ત્યાં જ આવે છે. આવા અડબંગને કોઈ સુખી ન કરી શકે – ડી.કે.મનોમન મેઘજીભગત ઉપર નારાજ થયા ને અકળાયા હોય એમ એકદમ ખાટલેથી ઊભા થયા, પછી પૂછયું : ''આ ગોળાનું શું આપવાનું છે ?''

મેઘજીભગતે ગોળાની કિંમત કહી તે સાંભળીને ડી.કે.નો અવાજ સાવ બરડ થઈ ગયો, ''આ ઠીકરાંની આટલી બધી કિંમત ? કાંક વાજબી રાખો વાજબી !''

''ભાવ તો એક જ હોં ! તમારે ગોળો લેવો હોય તો લ્યો નકર પાછો મૂકી દ્યો.'' મેઘજીભગતના કપાળે કરચલી પડી ગઈ. મનમાં ખીજ ચડી ને ગણગણ્યા – 'બપોર વચાળે ઘડીક નિરાંતે સૂતા હોઈ' ત્યાં કોણ જાણે કયાંથી આવા નવરા દખી કરવા હાલ્યા આવે છે ? !

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

▪ ઉખાણા ▪ બાળવાર્તા ▪ જોડકણા ▪ બાલગીત ▪ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## અમરેલીના સપ્ત શિક્ષણ ઋષિઓએ સ્થાપેલું સંસ્કાર ધામ- રાજેન્દ્ર દવે

આઝાદી પહેલાં દશી રજવાડાના યુગમાં સૌરાષ્ટ્રમાં અમરેલી ગોંડલ એ બંને 'શિક્ષણતીર્થ' ગણાતા હતા. રાજાશાહીના એ વખતમાં અમરેલી વડોદરાના શિક્ષણપ્રેમી રાજવી સર સયાજીરાવ ગાયકવાડના શાસન હેઠળ હતું. તો ગોકુળિયા ગોંડલ પર સંસ્કૃતિસસર્જક મહારાજા ભગવતસિંહજીનું શાસન હતું. એ સમયે અમરેલીનું શિક્ષણ તો એટલું વખણાતું કે, અમરેલીમાં શિક્ષણ સંસ્કાર પામેલા વિદ્યાર્થીને ઉચ્ચશિક્ષણ માટે સૌરાષ્ટ્ર બહાર આપોઆપ અગ્રતા મળી જતી. અમરેલીમાં શિક્ષણ સંસ્કાર પામી અનેક માનવપુષ્પો ખીલી ઉઠયા, જેઓએ વિધ–વિધ ક્ષેત્ર નામના મેળવી અમરેલીનું નામ રોશન કર્યુ. અહીં ન શકયા. (૧) રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અંગત તબીબ અને ગુજરાત રાજયના પ્રથમ મુખ્ય પ્રધાન ડો. જીવરાજ મહેતા, (૨) ગાંધીજી પાસેથી 'રાષ્ટ્રીય શાયર'નુ બિરુદ પામેલા કસુંબલ રંગના કવિ, સાહિત્યકાર, પત્રકાર ઝવેરચંદ મેઘાણી અને (૩) આજીવન રચનાત્મક કાર્યકર, લોકસેવક રતુભાઈ અદાણી. આઝાદી પછી અમરેલીમાં શિક્ષણનો આ અમૂલ્ય વારસો કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલમાં સચવાયેલો હતો. કેમ કે આ શાળામાં જે શિક્ષકો હતા તેમાંના મોટાભાગના શિક્ષકોનું ઘડતર ગાયકવાડી શાસનકાળમાં થયું હતું. વિવિધ વિષયોના એક–એકથી ચઢિયાતા શિક્ષકોએ કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલની મહામૂલી મૂડી હતી.શિક્ષક એ સમગ્ર સમાજનું ઘડતર



**ભાતીગળ સૌરાષ્ટ્ર**

કરનાર મુખ્ય પરિબળ છે. દરેક માનવી પર તેના માતા, પિતા પછી સૌથી મોટું ઋણ શિક્ષકનું હોય છે. ધર્મ મૂલક અર્થ અને મોક્ષ મુલક કામ જીવવાનું વિજ્ઞાન શિખવાડે એ શિક્ષક. દરેક માનવીનો જન્મ તેના માતા–પિતાને આભારી હોય છે, પણ તેનું જીવન તો તેના શિક્ષકને આભારી હોય છે. દેશના ભવિષ્યની આશા અને સમૃદ્ધિ જેના પર અદલંબે છે એવા વિદ્યાર્થીને શિક્ષક જ આદર્શ નાગરિક બનાવવાની શકિત ધરાવે છે. આજથી ૩૫ વર્ષ પહેલાંની આ વાત છે. ઈ. ૧૯૪૭ના એપ્રિલ મહિનાની પહેલી તારીખ–રામનવમીનો પવિત્ર દિવસ હતો. ગુજરાતભરમાં વિદ્યાર્થીઓ દ્વારા આરંભાયેલું નવનિર્માણ આંદોલન સમાપ્ત થઈ ચૂકયું હતું. રાજકારણનો હાથો બની જે રીતે આ આંદોલનમાં વિદ્યાર્થીઓ જોડાયા હતા તેનાથી કેટલાક સાચા શિક્ષકોને દુ:ખ થયું હતું. ઠેર ઠેર તોફાનો, શિક્ષણકાર્ય ઠપ્પ..., પરીક્ષાને બદલે સામુહિક રીતે વિદ્યાર્થીઓને ઉપલાં વર્ગમાં બઢતી. ગુજરાતના ઈતિહાસમાં આ બધું પ્રથમ વખત જ જોવા મળ્યું. આવા માહોલ વચ્ચે અમરેલીની કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલના સાત શિક્ષકોની રામનવમીના દિવસે અમરેલીના લોહાણા વિદ્યાર્થી ભવનમાં બેઠક મળી. અમરેલીના બાળકોના સર્વાંગી વિકાસના હેતુને કેન્દ્રમાં રાખી આ બેઠકમાં સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટની રચના કરવામાં આવી. માત્ર રૂપિયા ૩૭૫ની રોકડ મૂડી દ્વારા 'રૂપાયતન' સ્કૂલ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટીઓ જ પૈકીના એકના મકાનમાં કોઈ પણ પ્રકારના ભાડા કે વળતર વિના બાલમંદિર અને તે પછી ધોરણ–૧ના વર્ગનો પ્રારંભ થયો.


## સુટેવોનો શુભારંભ

**શિશુવંદના**

**– ગિજુભાઈ ભરાડ**

બાળક નાનું હોય ત્યારથી જ તેમનામાં સુટેવોનો શુભારંભ થવો જોઈએ. એ એની રીતે કામ કરતો થાય પછી એ ટેવોને સુધારવાને બદલે પહેલેથી જ સાચી ઘડ પડાવવી જરૂરી છે. બૂટ કે ચંપલ એ યોગ્ય જગ્યાએ સારી રીતે પાર્ક કરે તે જોવું જોઈએ. ઘણા બાળકો પોતાના મોજા ઊંધા કાઢે અને ત્યારપછી એ ચતા કર્યા વિના મૂકી દે છે. આ ટેવ એકઝીકયુટીવ કક્ષાના માણસોમાં પણ જોવામાં આવે છે. એને બદલે મોજાને એની સ્થિતિસ્થાપકતામાં ઓછું નુકશાન થાય એ ક્રમશ : કાઢતા એના હાથને વાળવો જોઈએ. મોજા કાઢયા પછી સીધા જ ધોવામાં નાખવાનાં હોય છે. એ બીજી વખત પહેરવાનાં હોતા નથી. કારણ કે મોજા પણ એક પ્રકારના આંતર વસ્ત્રો છે. ત્યારપછી તરત જ એણે હાથપગ અને મોં ધોવાના હોય છે અને પછી જ સાંજનો નાસ્તો દૂધ કે ફળફળાદિ લેવાના હોય છે. અને પછી રમત માટેનો અવકાશ, શાળાની વાતો કરવાની મુકિત, પોતાની નોટબુકો દર્શાવવાની તક, કોઈ પરિણામ આવ્યું હોય એ કહેવા માટેનો ઉત્સાહ... આ બધા માટે એને સ્વતંત્રતા હોવી જોઈએ. આ તો શાળાએથી બાળક ઘરે આવે એની પ્રથમ પાંચ મિનિટની વાત થઈ, આવી રીતે એની દિનચર્યાના દરેક તબકકામાં સુટેવ કેળવવામાં માતા–પિતાએ વિશેષ ધ્યાન આપવાનું રહે છે.

**બાલમિત્રો,**



આજે તમને એક સ્થળની વાત કરવી છે. આપણો દેશ વિવિધતા સભર છે. એમાંય આપણું ગુજરાત – વાત ન પુછો. વળી આપણા સૌરાષ્ટ્ર – કાઠિયાવાડની તો વાજ જુદી કહે છે ને કોકદી બુલો પડ ભગવાન, તારાં મોંઘેરા કરૂ સન્માન, તને સ્વર્ગ ભુલાવું શામળા, આપણા ગુજરાતનાં પાટણ ગામની વાત છે. એનાં જોવા લાયક સ્થળોમાં એક પાટણની વાત જુદી તરી આવે છે. જોવા લાયક છે તમે કયારેક જાવ તો જીણી નજરે જોજો વાત તમે જોઈએ છે ? ન જોઈ હોય તો જોઈ આવજો. ખરીપર મજા આવશે. આ રાજયની વાત તરીકે પ્રખ્યાત છે આજે તેનાં વિશે વધુ માહિતી અંદર આવી છે. વાંચજો.મારે તમને ખાસ ભલામણ એ કરવાની છે કે જો તમે કયાંય વેકેશનમાં ફરવા જવાનાં હો તો ત્યાંની માહિતી હોવી કરજો. તેનો નિબંધ કે પ્રવાસ વર્ણન લખજો તમને મજા આવશે. પછી તે લખેલી નોંધ બાલ એકસપ્રેસમાં મોકલવાજો. સંપાદક છાપશે.

વડીલો, તમને પણ કરૂ છું. કે તેમ પણ આપણાં બાળકો માટે કંઈક લખી મોકલવાજો. બધાને વાંચીને આનંદ થશે. મોકલાવશોને !......

## પાટણની વાવ


રાણકી વાવ અથવા રાણી કી વાવ ગુજરાત રાજયના પાટણ જિલ્લાનાં પાટણ શહેરમાં આવેલી એક ઐતિહાસિક વાવ છે. આ વાવ પાટણ શહેરનું એક જોવાલાયક સ્થળ છે જેની દેશ–વિદેશના હજારો પર્યટકો મુલાકાત લે છે.



અણહિલવાડ પાટણના સોલંકી વંશના થાપક મૂળરાજ સોલંકીના પુત્ર ભીમદેવ પહેલાના પત્ની અને જુનાગઢમાં ચુડાસમા વંશના રાજા રા ખેંગારના પુત્રી રાણી ઉદયમતીએ ૧૧મી સદીના અંતીમ ચતુમાર્શમાં પ્રજા માટે પાણીની વ્યવસ્થા ઉભી કરવા વાવનું નિર્માણ કરાવ્યું હતું. સદીઓ અગાઉ સરસ્વતી નદીમાં આવેલા પૂર અને અન્ય ઘટનાક્રમથી આ વાવ જમીનમાં દટાઈ ગઈ હતી જેથી ધરતી તળે દબાયેલી આ વાવ પર કોઈની નજર પહોંચી શકી ન હતી. પરંતુ ૨૦ મી સદી સુધી લોકોથી અલીપ્ત રહેલી આ વાવને મૂળ સ્વરૂપમાં લાવવા ભારતીય પંરાતત્વ વિભાગે ઈ.સ.૧૯૬૮માં વાવમાં ભરાયેલી માટીની બહાર કાઢવા ઉત્ખનન કાર્યવાહી આરંભતા ઘણા વર્ષો બાદ વાવ તેના મૂળ સ્વરૂપમાં આવી હતી. રાણકી વાવનું મૂખ પૂર્વ તરફ ખુલે છે. રાણકી વાવ ૬૪ મીટર લાંબી ૨૦ મીટર પહોળી અને ૨૭ મીટર ઉડી છે. વાવમાં દેવીદેવતાઓની સાથે–સો અનુચરતી અપ્સરાઓ અને નાગકન્યાઓની પણ કલાત્મક મૂર્તિઓ કંડારવામાં આવી છે. અહીંયા એક નાનો દરવાજો છે જે સિદ્ધપુર તરફ જતાં ૩૦ કિલોમીટર લાંબાં એક બોગદામાં ખુલે છે. આ પ્રવેશ દ્વારા અત્યારે કાદવ અને પથ્થરોથી ભરાઈ ગયેલુ છે પણ મૂળત:આ માર્ગ સંકટ સમયે રાજા અને રાપરિવારને ભાગવા માટે બનાવવામાં આવ્યો હોવાનું અનુમાન છે.– **મોકલનાર : અશોક.કે.કાલરિયા**

## રોજી

હર્ષદ અનને હામિદ બંને નાનપણના દોસ્ત. નાના એવા એક ગામમાં રહે. પહેલેથી જ બંનેની આર્થીક સ્થિતિ નબળી. મોટા થતાં બંનેએ રોજી–રોટી માટે શહેરમાં જવાનો નિર્ણય કર્યો.નજીકમાં જ એક મોટું શહેર આવેલું હતું, ત્યાં જઈ બે–ત્રણ મહિના બંનેએ છૂટક મજૂરી કરી. થોડા પૈસા ભેગા થતાં દુકાન ભાડે રાખી ધંધો કરવાનું બંનેએ વિચાર્યુ.એક પછાત વિસ્તારમાં બંનેએ દુકાન ભાડે રાખી. કારણ કે દુકાનનું ભાડું પણ ઓછું હતું અને વસ્તિનું પ્રમાણ પણ સારું એવું હતું. મુખ્યત્વે હિંદુ અને મુસ્લિમની વસ્તી આ વિસ્તારમાં હતી. હર્ષદને



દરજી કામ ફાવતું હોવાથી દરજીની દુકાન નાખી. હામિદે સિઝન સ્ટોર શરૂ કર્યો. બંનેની દુકાન સામસામે હતી. બે–ત્રણ મહિના માંડમાંડ ગુજારો થયો.બંને ઈમાનદારીથી ધંધો કરતા. તેમને ઈશ્વર પર સંપૂર્ણ શ્રધ્ધા. તેઓ માનતા કે ઈશ્વરે દાંત આપ્યા છે તો ખાવાનું આપશે જ ! હર્ષદ આજે બહુ ખુશ હતો. તેને નવાં કપડાં સીવવાનો ખૂબ મોટો ઓર્ડર મળ્યો હતો. કારણ કે ઈદ નજીક આવતી હતી. ઈદની ઘરાકીના હિસાબે હર્ષદને આખા વર્ષની રોજીરોટી મળી ગઈ. હરખાતો હરખાતો રાત્રે હામિદ પાસે ગયો અને કહયું કે મને આખું વર્ષ ચાલે તેટલી રોજી રોટી મળી ગઈ છે. મારે અત્યારે બધા પૈસાની જરૂર નથી માટે અત્યારે તું પાંચ હજાર રૂપિયા રાખ. ઘણી આનાકાની પછી હામિદે પૈસા સ્વીકાર્યા.આજ હામિદ પણ બહુ ખુશ હતો. કારણ કે તેને સીઝન સ્ટોર હોવાથી



દિવાળી નજીક આવતી હોવાથી ફટાકડા રાખ્યાં હતાં. દિવાળીના તહેવારમાં તેના બધા ફટાકડા વેચાઈ ગયા. ખૂબ સારી કમાણી થવાથી તેની પણ રોજી–રોટી આખું વર્ષ ચાલે તેટલી જમા થઈ ગઈ. અને હર્ષદના પાંચ હજાર રૂપિયા પણ પાછા અપાઈ ગયા.એક દિવસ ધંધાથી પરવારીને રાત્રે બંને આરામથી બેઠા હતા. ત્યારે હર્ષદે હામિદને કહયું કે, '' હું ખુદાનો ઉપકાર માનુંછુંકે મારી રોજીરોટી ખુદાએ પૂરી કરી. ઈદ ન આવી હોત તો મારું શું થાત ?''હામિદે કહયું કે, ''મારી રોજી–રોટી ભગવાને આપી છે. જો દિવાળી ન આવી હોત તો મારું શું થાત ?'' બંનેએ કબૂલ્યુંકે, ''પરમ તત્વ બધાને રોજીરોટી આપે જ છે. આ પરમ તત્વને તમે ભગવાન કે ખુદા ગમે તે કહી શકો છો. આ પરમ તત્વમાં તમે ખુદા અને ભગવાન બંનેને શોધી શકો છો. પણ તેને અલગ પાડી શકતા નથી.''બાળ મિત્રો આપણે બાળપણથી એ વિચારને વળગી રહેવું જોઈએ કે ઈશ્વર, અલ્લાહ, ઈશુ વગેરે અંતે તો એક જ છે.

## મેડમ ભીકાઈજી કામા

**જન્મ : ૨૪મી સપ્ટેમ્બર, ૧૮૬૧**
**મહાપ્રયાણ : ૧૩મી ઓગસ્ટ, ૧૯૩૬**




જર્મની ખાતે મળેલી બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસમાં પ્રથમવાર ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ લહેરાવનારાં મહિલા ક્રાંતિકારી મેડમ કામા મુંબઈનાં વતની હતાં. તેમનો જન્મ : ૨૪મી સપ્ટેમ્બર, ૧૮૬૧ના રોજ નવસારીમાં થયો હતો. આ પારસી સન્નારી નાનપણમાં ખૂબ લાડકોડમાં ઊછરેલાં. તેમનો સ્વભાવ એકદમ સ્વતંત્ર હતો. તેઓ સમજણાં થયાં ત્યારથી અંગ્રેજ સરકારને ધિકકારવા માંડયાં હતાં. દીકરી ક્રાંતિના માર્ગે વળી જાય તે પહેલાં પિતા સોરાબજી ફ્રામજી પટેલે એને પરણાવી દેવાનું યોગ્ય માન્યું. મુંબઈના ખ્યાતનામ વકીલ રૂસ્તમ કામા સાથે તેનાં લગ્ન કરાવી દીધાં. મિસ્ટર કામા અંગ્રેજનિષ્ઠ હતા, જયારે મેડમ કામા અંગ્રેજોના ઘોર વિરોધી. આ કારણસર એમના દામ્પત્ય જીવનમાં ચકમક ઝરવા માંડી. આ અરસામાં જ મુંબઈમાં પ્લેગના રોગનો ભોગ બની ગયાં. આ રોગની એમના પર એવી તો અસર થઈ કે ભારતમાં તેની સારવાર શકય ન બનતાં લંડન લઈ જવા પડયાં. એ વખતે દાદાભાઈ નવરોજી લંડનમાં રહેતા હતા. મેડમ કામા તેમનાં અંગત મદદનીશ બન્યાં. અહીં તેઓ અનેક ક્રાંતિકારીઓના પરિચયમાં આવ્યાં. શ્યામજી કૃષ્ણ વર્મા દ્વારા પ્રકાશિત ઈન્ડિયન સોશિયોલોજિસ્ટમાં તેઓ લેખ લખવા માંડયાં. પરંતુ લંડનમાં રહીને ક્રાંતિકારી સરદારસિંહ રાણા રહેતા હતા. પછીથી વીર સાવરકર પણ ત્યાં આવીને વસ્યા. આ અરસામાં જ જર્મનીમાં બીજી આંતરરાષ્ટીય સમાજવાદી કોંગ્રેસ મળી. મેડમ કામાએ સરદારસિંહ રાણા અને ચંદ્રોપાધ્યાય સાથે મળીને પ્રથમવાર ભારતીય સ્વતંત્રતાનો ઝંડો લહેરાવ્યો. આ પગલાંથી મેડમ દેશ–વિદેશમાં પ્રસીદ્ધ થઈ ગયાં. ભારતની સ્વતંત્રતા માટે તેઓ હવે અમેરિકા ગયાં. ત્યાં અનેક જગ્યાએ તેમણે પ્રવચન આપ્યાં. ત્યાંથી પાછા લંડન આવ્યાં. ૧૯૦૮માં સાવરકર સાથે મળીને ત્યાં ૧૮૫૭ની અર્ધશતાબ્દી મનાવી. પરંતુ લંડનમાં રહેવું દુષ્કર બનાં પાછાં પેરિસમાં આવ્યાં. ત્યાં તેમણે 'વંદે માતરમ' અખબાર શરૂ કર્યુ. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં ઈંગ્લેન્ડ અને ફ્રાંસ મિત્ર બની ગયા. ઈંગ્લેન્ડના દબાણને કારણે ફ્રાંસની સરકારે નજરકેદ કર્યા આ નજરબંધીને કારણે તેમની તબિયત બગડી. આર્થિક રીતે પણ ભાંગી પડયાં. એક નાનકડી ઓરડીમાં દિવસલ વિતાવવા માંડયાં. એમના માટે વતન પાછા ફરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન રહ્યો. પાછા ફરતાં તેમની તબિયત વધારે કથળી. આઠ મહિના હોસ્પિટલમાં રહીને આ ક્રાતિકારી મહિલાએ ૧૩મી ઓગસ્ટ, ૧૯૩૬ના રોજ પોતાના પ્રાણ છોડી દીધા.




## વાર્તા : અજબ ગજબ–આણો નેપ્ચુન ગ્રહ

નેપ્ચુન (વરૂણ) સૂર્ય મંડળનો આઠમો ગ્રહ છે. તે એક બાહ્ય ગ્રહ છે. અન્ય બ્રાહ્ય ગ્રહોની માફક તે મુખ્યત્વે વાયુનો બનેલ છે. તેની શોધ ઉબ્રેઈન લે વેરીઅરે કરી હતી. આનું નામ ગ્રીક દંતકથાના સમુદ્રના દેવ નેપ્ચુનના નામે રાખવામાં આવ્યું છે. સૌર મંડળમાં વ્યાસની દ્રષ્ટિએ આ ચોથો સૌથી મોટો અને દળની દ્રષ્ટિએ ત્રીજો સૌથી મોટો ગ્રહ છે. આ ગ્રહનું દળ પૃથ્વી કરતાં ૧૭ ગણું છે અને તેના જોડીયા એવા યુરેનસ કરતા તે થોડો જ વધુ દળદાર છે. યુરેનસનું દળ પૃથ્વી કરતા ૧૫ ગણું છે. પણ તે નેપચ્યુન જેટલું ધનત્વ ધરાવતો નથી. નેપચ્યુન સૂર્યથી ૩૦.૧ એ.યુ. (એસ્ટ્રોનોમિકલ યુનિટ– અવકાશી એકમ) જેટલા સરાસરી અંતરે સુર્યની પરિક્રમા કરે છે જે પૃથ્વીથી લગભગ ૩૦ ગણું છે. આનું ખગોળીય ચિન્હ છે. જે ગ્રીક દેવતા નેપચ્યુન ત્રિશુલનું સંસ્કરણ છે.આ ગ્રહની શોધ ૨૩ સપ્ટેમ્બર ૧૮૪૬ના દિવસે થઈ હતી. આ એવો પ્રથમ પ્રથમ ગ્રહ છે જેને શોધ ખગોળીય અવલોકનથી વિપરીત ગણિતિક સૂત્રોને આધારિત હતી. યુરેનસની કક્ષા જરૂરથી કોઈ અજ્ઞાત ગ્રહના ગુરુત્વા કર્ષણને કારણે સ્ખલિત થાય છે. ત્યાર બાદ જોહન ગેલ દ્વારા અર્બેન લી વેરીયરની અનુમાનિત ગણતરીને અનુસરીને આ ગ્રહ નીહાળ્યો. ત્યાર પછીના ટૂંક સમયમાં તતેનો સાથે મોટો ચંદ્ર ટાઈનને પણ પણ





જોવાયો હતો. જોકે તેના અન્ય ૧૨ ચંદ્રોને ટેલિસ્કોપથી ૨૯મી સદીમાં જ શોધી શકાયા હતાં. નપેચ્યુનની મુલાકાત માત્ર વાયેજર – ૨ નામના એક જ અવકાશ યાને લીધી છે. જે ઓગસ્ટ–૨૮–૧૯૮૯ના દિવસે આ ગ્રહની નજીકથી ઉડયો હતો. નેપ્ચ્યુનની સંરચના યુરેનસ જેવી જ છે, જોએ કે આ બંનેની સંરચના ગુરુ અન શનિ જેવા વાયુમય ગોળાની અપેક્ષાએ જુદી છે. ખગોળ શાસ્ત્રીઓ આ ગ્રહોને (નેપચ્યુન અને યુરેનસ) ''વિશાળ હિમ ગોળા'' (આઈસ જાયન્ટ્સ) ની શ્રેણીમાં મુકે છે. નેપચ્યુનનું વાતાવરણ મૂળ રીતે ગુરુ અને શનિના હાયડ્રોજન અને હિલિયમ ધરાવતા વાતાવરણ સમાન છે, પરંતુ અહીં તીમની સરખામણી એ પાણી, એમોનિયમ અને મિથેનના બરફો વધુ પ્રમાણમાં જોવા મળે છે. નેપચ્યુનના બાહ્ય વાતવરણમાં રહેલ મિથેનની હાજરીને કારણે તે ભૂરા રંગનો દેખાય છે.– **વનિતા રાઠોડ**

# વાર્તા : બુદ્ધિમાન હનુમાન

**શ્રી રામ લક્ષ્મણ જાનકી ।**
**જય બોલો હનુમાન કી । ।**

મિત્રો તમને હનુમાનજીને તો ઓળખો જ છોને જે અંજનીપુત્ર પવન પુત્ર જ હવામાં ઉડે અને શ્રીરામના કામ કરે સાચુ કહુ વ્હાલા મિત્રો મને તો ભઈ જયારે જયારે ડર લાગેછે ને ત્યારે હનુમાન... ચાલીસા... બોલુ હો.. અને ભય થાય રફુચકર આવા મનના બલવાન અને હિંમતથી ધનવાન બજરંગબલીના જીવનની એક ઘટના. વાત છે તે સમયની જયારે રાવણ માતા સીતાને છલથી કહો કે વિશ્વાસઘાતથી અપહરણ કરીને લંકા ઉપાડી ગયો હતો. ત્યારે પ્રભુ શ્રી રામની આજ્ઞાથી માતા સીતાને શોધવા હનુમાનજી તો ઉપડયા ખબર છે કે મિત્રો જે પર્વત પાતાળમાં જતો રહયો. કેટલી તાકાત....! આગળ ચાલ્યા ત્યાં રાક્ષસો અને દુશ્મનોનો ભેટો થયો ત્યાં લડાઈ લડવી પડી. પણ સૂરસા કંઈ માને નહી અને બોલી એ હુન કંઈ ને જાણુ બસ તને ખાઈ તો જઈશ જ હનુમાનજીસમજાવતા પાછા બોલ્યા ''સારૂ ત્યારે ખાઈ જા' સરસા એ ખવા માટે મો ખોલ્યુ ૧ યોજન મિત્રો, લે ત્રેતા યુગમાં યોજનથી માક કાઢવા માં આવતું ૧ યોજન –૮ માઈલ અને ૧ માઈલ ૧.૬ કિલોમીટર એટલે ચોકકસ દૂરનું અંતર થાય ૮.૧૬ કિલોમીટર ૧૨.૮ કિલોમીટર હવે સૂરસાએ ૧ યોજન મો



ખોલ્યુ તો હનુમાનજી ૨ યોજનના બની ગયા સૂરસા ૨ યોજન મો ખોલ્યુ તો હનુમાન ૪ યોજન બની ગયા ૪ યોજન મો ખોલ્યુ તો હનુમાન ૮ યોજન બની ગયા. સૂરસાએ ૮ યોજન મોં ખોલ્યુ તો હનુમાનજી ૧૬ યોજન બની ગયા. સૂરસા વિચારવા લાગી આ શુ થઈ રહ્યું છે. ને હિંમત હારી ૧૬ યોજનમાં ખોલ્યું તો હનુમાન ૬૪ યોજન બની ગયા. ત્યારબાદ હનુમાન વિચારવા લાગ્યા કે આ વાત આમ ટૂંકી થવાની નથી અને સાવ નાનકડા તમારા જેવડા મિત્રો બાળક જેવા બની ગયા. ત્યારબાદ હનુમાન જઈ પાછા બહાર નીકળી ગયા અને બોલ્યા 'મે તારી વાત પણ રહી અને મારી પણ તો હવે જવા દે બોલ હવે શું કરવુ છે ??? સરસા બોલી તમે જઈ શકો છો. આ વાર્તા પરથો બોધ મળે છે. જયારે મિત્રો હનુમાનજીને તાકાત બતાવવાની હતી ત્યારે ત્યારે ખૂબ વિરાટ બન્યા અને જયારે બુધ્ધિ બતાવવાની હતી ત્યારે ખૂબ નાના બની ગયા.જે વ્યકિત બુધ્ધિમાન હોય તે હંમેશા અહંકાર રહિત અને નાના બનીને રહેવા ઈચ્છે છે. જે મોટી મોટી વાત કરે અને મોટા થઈને ખોટા દેખાડો કરવાના પ્રયત્ન કરે ત્યારે સમજવું તેની બુધ્ધિ ફરી ગઈ છે. બોલો સ્વામી ભકત હનુમાનજીકી જય...બજરંગ બલી કી જય !!! – **મોકલનાર : હેમાંગીની લલાડીયા**

# માંકડું – વાંદરું

માકડું એક પ્રકારનું વાંદરુ છે. આ લાલ મોઢા વાળો વાંદરો મોટા ભાગે મર્કટ નામે પણ પ્રસિધ્ધ છે. માનવવસ્તીથી દૂર રહેનાર આ વાંદરો કોઈક વાર માનવવસ્તીની આસપાસ પણ જોવા મળતો હોય છે. આ માકડાંનાં રૂધિરમાં 'રિસસ' નામનું એક રોગપ્રતિકારક દ્રવ્ય (એન્ટિજન) વહેતું હોય છે. આ દ્રવ્ય પરથી તેનું 'રિસસ મેકક' એવું અંગ્રેજી નામ પડયું છે. પ્રાકૃતિક અવસ્થામાં એનું ૪–૧૫ વર્ષનું આયુષ્ય હોય છે. જયારે બંધનાવસ્થામાં અનુમાનિત ૨૫ વર્ષ તે જીવી શકે છે. આ માકડાએ વિશ્વભરમાં તમામ 'પ્રાઈમેટ્સ'માં સૌ પ્રથમ રોકેટ દ્વારા અવકાશયાત્રા કરી છે.



માકડાની ઊંચાઈ સામાન્ય પણે ૫૦ થી ૬૦ સેન્ટિમીટરની હોય છે. નર માદા કરતાં બમણાં મોટા હોય છે. એ આ માકડા પ્રજાતિની વિશિષ્ટતા છે. ઉત્તર ભારતમાં મળતા હનુમાન કદના વાંદરા કરતા આ વાંદરાનું કદ નાનું હોય છે અને રંગ ભૂખરો લાલ હોય છે. તેનાં મુખનો રંગ લાલ હોય છે. જયારે પૂંછડીનો રંગ નારંગી હોય છે. પાછળ તરફ વળેલા કપાળ પરના વાળ વચ્ચે પાંથી જોવા મળે છે. આ માકડાની પૂંઠની નીચેનો ભાગ પણ લાલ કે નારંગી રંગનો હોય છે. તેની પૂંછડી ટૂંકી હોય છે, જે મોટા ભાગે ઉભી જ રાખતા હોય છે. તેઓની ચામડી લાલ પડતા કથ્થાઈ રંગની હોય છે. તેઓ પાણીમાં ખુબ જ ઉત્તમપણે તરી શકે છે.


માકડાઓ મુખ્યરૂપે ડુંગરાળ વિસ્તારોમાં વધુ જોવા મળ છે. ડાંગ, શૂલપાણેશ્વર, વાસંદા, રતનમહાલ ઈત્યાદી દક્ષિણ ગુજરાતના ડુંગરાળ વિસ્તારોમાં વધુ જોવા મળે છે. સમુહમાં રહેતા આ માકડા પ્રગાઢ વન્યપ્રદેશોમાં નિવાસ કરતા નથી. વનની સમીપ સ્થિત ખુલ્લા વિસ્તારો અને માનવ વસ્તીની નજીક રહેવું તેમને ગમે છે. કેટલાક ધાર્મિક સ્થળોની આસપાસ શ્રધ્ધાળુઓ દ્વારા અપાતા ખાદ્યપદાર્થોને કારણે એવાં વિસ્તારોમાં માંકડાની વસ્તીમાં વધારો જોવા મળે છે.

આ પ્રાણી તરવામાં પાવરધું હોય છે. પરસ્પર સંદેશાવ્યવહાર માટે ભિન્ન ભિન્ન ધ્વનીઓ નીકાળી એક બીજા સાથે સંપર્ક કરે છે. મોઢા, હાથપગ તથા શરીરના હલનચલન દ્વારા પણ તેઓ સંદેશા મોકલતા હોય છે.–**મોકલનાર : દેવાંગીબા એસ. જાડેજા**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧ સમ્રાટ અશોકે કેટલા મુખ્ય શિલાલેખો કોતરાવ્યા હતા?–૧૨
૨ મહાકાય કયા ધમનો ગ્રથ છે? – બૌધ
૩ 'ત્રણ સમુદ્રોનાં પાણી પીનાર' તરીકે જાણીતો રાજા કોણ હતો ? – ગૌતમીપુત્ર
૪ ભારતમા ખ્રિસ્તી ધમનો સૌપ્રથમ પ્રચાર કરનાર ખ્રિસ્તી સંત કોણ હતા? – સંતટોમસ
૫ 'મિલિનદ પહનો' નામે ગ્રંથ કયા રાજા અને બૌદ્ર સાધુ વચ્ચેની ધમ ચચાને સ્પશે છે? – મિનેન્દર–નાગસેન
૬ 'બુધ્ધચરિત' ના રચયિતા કોણ છે ? – આશ્વઘોષ
૭ 'ચરકસંહિતા' કઈ વિદ્યાનો ગ્રંથ છે? – આયુવેદ
૮ પતંજલીએ કયાં ગ્રંથની રચના કરેલી છે? – મહાભાષ્ય
૯ વિક્રમસંવતની શરૂઆત કયારથી થઈ ? – ઈ.સ. પૂર્વે ૫૬
૧૦ કયાં રાજાને 'બીજો અશોક' કહે છે ? – કનિષ્ક પહેલો

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

૧ સમ્રાટ અશોકે કેટલા મુખ્ય શિલાલેખો કોતરાવ્યા હતા?–૧૨
૨ મહાકાય કયા ધમનો ગ્રથ છે? – **બૌધ**
૩ 'ત્રણ સમુદ્રોનાં પાણી પીનાર' તરીકે જાણીતો રાજા કોણ હતો ? – **ગૌતમીપુત્ર**
૪ ભારતમા ખ્રિસ્તી ધમનો સૌપ્રથમ પ્રચાર કરનાર ખ્રિસ્તી સંત કોણ હતા? – **સંતટોમસ**
૫ 'મિલિનદ પહનો' નામે ગ્રંથ કયા રાજા અને બૌદ્ર સાધુ વચ્ચેની ધમ ચચાને સ્પશે છે? – **મિનેન્દર–નાગસેન**
૬ 'બુધ્ધચરિત' ના રચયિતા કોણ છે ? – **આશ્વઘોષ**
૭ 'ચરકસંહિતા' કઈ વિદ્યાનો ગ્રંથ છે? – **આયુવેદ**
૮ પતંજલીએ કયાં ગ્રંથની રચના કરેલી છે? – **મહાભાષ્ય**
૯ વિક્રમસંવતની શરૂઆત કયારથી થઈ ? – **ઈ.સ. પૂર્વે ૫૬**
૧૦ કયાં રાજાને 'બીજો અશોક' કહે છે ? – **કનિષ્ક પહેલો**

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

# આપણે સૌ નટબજાણિયા

ઊંચે બાંધેલી દોરી પર હાથમાં વાંસ લઈ ચાલતા કલાકારને જોઈ આપણે ઐશ્વર્ય પામીએ છીએ.

આપણે સૌ પણ જીવતરનો ખેલ આવી જ રીતે ભજવએ છીએ.

જિંદગીની દોરી પર સિદ્ધાંતોનો વાંસ લઈ, આદર્શ અને વ્યવહારની બન્ને બાજુની સમતુલા જાળવીને આપણે એ જ ખેલ કાયમ ભજવીએ છીએ. સંયુકત કુટુંબની વહુઓ તો પતિ, સાસુ, સસરા, નણંદ, બાળકો–સૌની કાળજી રાખતી સૌથી સફળ 'આવી' કલાકાર કહેવાય.

# સગા–સંબંધીની ઓળખાણ

એક હતા નાનજીદાદા. શેરીમાં બાળકોને ભેગાં કરી. નવું–નવું જ્ઞાન આપતા હતા. એક દિવસ તેમણે બાળકોને સગા–સંબંધીની ઓળખાણ રમત રમાડતાં–રમાડતાં આપી હતી : 'મારાં વ્હાલાં બાળકો,




પપ્પાની બાને દાદી અન પપ્પાના પપ્પાનેદાદા કહેવાય. પપ્પાની બહેનને ફોઈબા અને પપ્પાના ભાઈને કાકા કહેવાય. મમ્મીના ભાઈને મામા અને મમ્મીની બહેનને માસી કેહવાય. ભાઈના પુત્રને ભત્રીજો અને ભાઈની પત્નીનેભાભી કહેવાય. ભાઈની પુત્રીને ભત્રીજી અને કાકાના પુત્રને પિતરાઈ ભાઈ કહેવાય. કાકીની પુત્રીનેપિતરાઈ બહેન કહેવાય હો ?

**બે સમજુ છોકરીઓ :** બે નદી હતી. નદી પાણીથી ભરી હતી. એના ઉપર સાંકડો પુલ હતો. પુલ ઉપરથી એક જ માણસ જઈ શકતો હતો. એક વખત એવું બન્યું કે, પુલના એક છેડા તરફથી એક છોકરી આવી. પુલના બીજા તરફથી એક છોકરી આવી. બંને છોકરીઓ પુલ વચ્ચે ભેગી થઈ ગઈ. બંનેને એકબીજાના સામેના છેડે જવું હતું. છોકરીઓ વિચારમાં પડી ગઈ. બંનેને એકબીજાની બાજુમાંથી પણ નીકળી શકાય તેમ ન હતું છોકરીઓ સમજુહતી. તેઓ ગભરાઈ નહી. બંને ઝઘડી નહી. એક છોકરી નીચે બેસી ગઈ. બીજી છોકરી તેના ઉપર થઈનેઆગળ નીકળી ગઈ. હવે, બંને છોકરીઓ સલામત રીતે સામસામી દિશામાં પહોંચી ગઈ અને બંને પોતપોતાનો જયાં જવું હતું ત્યાં ચાલતી થઈ.

**બે હોડીવાળા :** એક નદી હતી. તેમાં બે હોડી હતી. ત્યાં હિપોપોટેમસ આવ્યો. એક હોડીવાળો બુધ્ધિ વગરનો હતો. તેણે હોડી ચલાવ્યે રાખી. તેથી ભટકાઈ ગઈ.બીજો હોડીવાળો બુધ્ધિશાળી હતો. તેણે એકબાજુ હોડી કરી લીધી. તેથી તે બચી ગયો.

**શીખેલું કામ આવે જ.. :** એક રાજકુમા હતો. તેનું નામ હતું વિજયકુમાર. નાનપણથી નવું નવું શીખવાની તેને ધગસ હતી. જંગલમાં ફરવા જાય તોપણ રસ્તો એકવાર જુએ પછી ફરીવાર રસ્તાને જોવાની જરૂર ન પડે. ઘોડો પલાણવાનુંશીખી લીધા પછી ઘોડો તેને વશ થઈ જતો હતો. એકવા જંગલમાં બાજુના નગરનો રાજકુમાર વિનયકુમાર ઘોડા ઉપર સવાર થઈ આવ્યો. પણ, તેના ઘોડાને શું થયું. રાજકુમારના હાથમાં જ ન રહે. વિજયકુમાર જરા પણ પરવા કર્યાવિના વિનયકુમાર પાસે ગયો અને વિનયકુમારને ઘોડા પરથી ઉતારીને તેના ઘોડા પર સવાર થઈ ગયો. અને પોતે શીખેલી અશ્વવિદ્યા અજમાવી. ઘોડો શાંત થઈ ઉભો રહી ગયો. થોડીવાર પછી વિનયકુમારે ખુશ થઈ વિજયકુમારને કહયું : 'વિજયકુમાર શીખેલું ગમે ત્યારે, ગમે તે સ્થળે કામ આવે જ !'

# અભાવ : વસ્તુને જાણવા માટેનો કસોટી – પથ્થર – મોહમ્મદ માંકડ


કોઈએ એવી ટકોર કરી છે કે, સૌથી કાતિલ ઝેર માતાના ગર્ભાશયમાં ઉત્પન્ન થાય છે. ટકોર સગા ભાઈઓના સંદર્ભમાં છે. સગાં ભાઈ–બહેનો વચ્ચે જે જાતના ઝઘડાઓ જોવા મળે છે એવા ઊતરતી કક્ષાના ઝઘડાઓ અજાણ્યાઓ વચ્ચે પણ જોવા મળતા નથી : એક હાથ જમીન માટે કે એકાદ દીવાલ કે શેઢા માટે ભાઈઓ ખુવાર થઈ ગયાના દાખલાઓ જોવા મળે છે. માતાપિતાના મૃત્યુ પછી ભાગ વહેંચતી વખતે નાનકડી ગોદડીના પણ ભાગ પાડયાના દાખલાઓ જાણવા મળ્યા છે. જેની સાથે જિંદગીનાં એક વર્ષો ગાળ્યાં હોય, જેને મૂકીને પોતે કોઈ સારી ચીજ ખાધી ન હોય, જેને સામાન્ય તાવ અ)વ્યો તો પણ પોતે આખી રાતનો ઉજાગરો કર્યો હોય, એવા વ્હાલસોયા ભાઈ તરફ એકાએક માણસ કેમ આટલો નઠોર, નિર્દય,નાસમજ બની જતો હશે ? માર્કસવાદીઓ કહેશે : 'મૂડી' દરેક સંબંધોના મૂળમાં પૈસા–અર્થ મુખ્ય ભાગ ભજવે છે. ઠીક છે. પણ આ વાતને બીજી એક બાજુ પણ છે. મારા એક મિત્ર વેપારી છે, બાહોશ છે, પૈસાદાર છે. એમને માત્ર એક જ વાતનો વસવસો છે. એમને કોઈ સગો ભાઈ નથી.ઘણીવાર અફસોસથીએ કહે છે, 'મારે જો એક ભાઈ હોત !' 'તો ?' મેં એકવાર એમને પૂછયું હતું. 'તો અમે બન્ને જણ થઈને બિઝનેસનો કેટલો વિકાસ કરી શકત !' હું એકલો છું એટલે નવું કોઈ સાહસ કરવું હોય તો મન પાછું પડે છે. એકલે હાથે કેટલું કેટલું થાય ? બાજુમાં કોઈ ટેકો દેનાર હોય તો...'

મને કહેવાનું મન થઈ ગયું હતું કે, સગાં ભાઈઓ ટેકો દેવાના બદલે મોટા ભાગે ટેકો ખસેડી લેવાનું કામ કરતા હોય છે. પણ એમને એમ કહેવાનો કશો અર્થ નહોતો કારણ કે, એમને ભાઈ નહોતો, ભાઈ વિષેની માત્ર કલ્પના એમના મનમાં હતી. અને ભાઈના અભાવમાં ભાઈ હોય તો કેવો હોય, અને ભાઈ મળવાથી પોતાને શું શું મળી શકે તેનું એક ચિત્ર તેમણે દોર્યુ હતું. અને તેમના માટે એ ચિત્ર સાચું હતું.

કોઈ વસ્તુ આપણી પાસે હોય છે ત્યારે નહિ, પણ તે નથી હોતી ત્યારે જ આપણને તેના સાચા સ્વરૂપની ખબર પડે છે. દાંત હોય છે ત્યારે માણસ દાંતની સંભાળ લેતો નથી. તંદુરસ્તી હોય છે, ત્યારે તંદુરસ્તીની કિંમત તેને સમજાવી તેને સમજાતી નથી. એ જ રીતે ભાઈ હોય છે, એને ભાઈ એટલું શું તેની કિંમત સમજાતી નથી. જયારે જે વસ્તુઓ અભાવ હોય, અથવા તો અભાવ ઊભો થાય ત્યારે જ તેની સાચી કિંમત સમજાતી નથી. જયારે જે વસ્તુનો અભાવ હોય, અથવા તો અભાવ ઊભો થાય ત્યારે જ તેની સાચી કિંમત સમજાય છે.

બહુ વિચિત્ર લાગે તેવી આ હકિકત છે. કોઈ પણ વ્યકિત કે કોઈ પણ વસ્તુ ખરેખર કેવી છે તેની ખબર તે ન હોય ત્યારે જ પડે છે. એટલે , જયારે તમે કોઈ ઉપર નારાજ થાઓ, કોઈની કિંમત માંડવા ઉત્સુક થઈ જાઓ, ત્યારે તે વ્યકિત કેવી છે કે તેમને કેવી લાગે છે, તેનો વિચાર કરવાના બદલે તે ન હોય તો તેની કેવી અસર પડે તેનો વિચાર કરજો–તેની ખરી કિંમત તો જ તેમને સમજાશે. 'રાબ ચારિત્ર્યવાળા માનવીની મિત્રતા કરશો નહિ, ઓળખાણ પણ કરશો નહિ. સળગતો કોલસો હાથ દઝાડે છે ઠંડો હાથ કાળા કરે છે.'– **હિતોપદેશ**

**નિરંતર આશાવાહ**




: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)


– ડો. પ્રકાશ ગજજર

૧. ગમે તેવી દુઃખદ પળો પણ વીતી જ જશે એવી શ્રદ્ધા રાખજો
– યહ દિન ભી ચલા જાયેગા...
૨. વિશ્વમાં છેવટે પ્રેમનો જ વિજય થાય છે એ ભૂલશો નહીં
– Love rules Supreme...
૩. સાહસ, શ્રદ્ધા અને શ્રમને માટે અશકય કાંઈ જ નથી
– અપના હાથ જગન્નાથ...
૪. ભગવાનનું બળ સર્વમહાન છે
– પ્રભુકૃપા હી કેવલમ...
૫. સ્વાવલંબન મહાન શકિત છે
– જાતમહેનત જિંદાબાદ...
૬. ઉપાધિને સમાધિનું સાધન બનાવી શકાય
– જે જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ, બની રહો એ જ સમાધિયોગ.
૭. આપણું જીવન મહાગાયકન સ્વરોનો રણકારો જ છે
– These echoes of Thy eternal melody : આત્મદીપો ભવ ! : તું તારો દીવો બન.
૮. પ્રેમ–સ્મિત–પ્રાર્થનાનો ત્રિવેણી સંગમ આપણને તારી દેશે.
૯. 'ચિરંતન વિકાસ' એ આપણો મંત્ર હો – Still more light

# પ્રાણીકથા : હિપોપોટેમસ


હિપોપોટેમસને ભારતીય અન્ય ભાષાઓમાં દરિયાઈ ઘોડો અથવા જળઘોડો પણ કહેવામાં આવે છે. તે એક વિશાળ તથા ગોમટોળ સસ્તન પ્રાણી છે. જે આફ્રિકા ખંડનું મૂળ નિવાસી પ્રાણી છે. દરિયાઈ ઘોડો નામ સાથે ઘોડો શબ્દ જોડાયેલ છે તેમજ ''હિપોપોટેમસ'' શબ્દનો અર્થ ''વોટર્સ હોર્સ'' એટલે કે ' જળમાં રહેતો ઘોડો' એવો થાય છે. પરંતુ તેના ઘોડા સાથે કોઈ સંબંધ નથી. પ્રાણી વિજ્ઞાનની દષ્ટિએ જોતાં તે ડુકકર સાથે દૂરનો સંબંધ ધરાવે છે. તે શાકાહારી પ્રાણી છે. અને નદીઓ તેમજ સરોવરના કિનારે તથા એનામીઠા જળમાં સમૂહમાં રહેવાનું પસંદ કરે છે.

તેને સહેલાઈથી વિશ્વનું બીજા ક્રમે આવતુ સૌથી ભારે સ્થૂળજીવી સસ્તન પ્રાણી કહી શકાય છે. તે ૧૪ ફૂટ જેટલ લંબાઈ, ૫ ફુટ જેટલી ઊંચાઈ એન ૪ ટન જેટલું વજન ધરાવતું હોય છે. તેનું વિશાળ શરીર થાંભલા જેવા અને ઠિંગણા કદના પગ પર ટકેલું હોય છે. પગના છેડા હથીના પગમાં હોય છે. તેવાં પહોળાં નખ




હોય છે. આંખો સપાટ માથા પર ઊપરની તરફ અને ઉભરેલી રહેતી હોય છે. કાન નાના હોય છે. શરીર પર વાળ ખુબજ ઓયછા પ્રમાણમાં હોય છે. કેવળ પૂંછડીના છેડા પર અને હોંઠો અને કાનની આસપાસ વાળ ઉગેલા હોય છે. તેની ચામડી નીચે ચરબીનું એક મોટુંસ્તર હોછય છે જે ચામડી પર આવે રંધ્રોથી ગુલાબી રંગના ચરબીયુકવત પ્રવાહીરૂપે ચળકતી હોય છે. આને કારણે તેની ચામડી ભીની તેમજ સ્વસ્થ રહેતી હોય છે. જળઘોડાની ચામડી ખૂબજ સખત હોય છે. પારંપરિક વિધિઓ વડે આ ચામડાને કમાવવા માટે છ વર્ષ જેટલો લાંબો સમય લાગતો હોય છે. સારી રીતે તૈયાર કરવામાં આવ્યા પછી આ ચામડું ૨ ઈંચ જેટલું જાડું અતને પથ્થરની જેમ મજબૂત થઈ જાય છે. હીરાને ચમકાવવા માટે આ ચામડાંનો ઉપયોગ કરવામાં આવે છે. – **મોકલનાર : અશોક રામનંદી**


# આ મારું ચિત્ર છે




દાફડા રૂચિતા હિંમતભાઈ
(ધોરણ–૭,એ– પી.એન.વોરા પ્રા.શાળા–અમરેલી)



દેવગણિયા વિધિશા જગદીશભાઈ
(ધોરણ–૭,એ.– પી.એન.વોરા વિદ્યાનિકેતન પ્રા.શાળા(રૂપાયતન શાળા)



પરમાર હેમાંશી ભરતભાઈ
(ધોરણ–૭,એ– પી.એન.વોરા પ્રા.શાળા–અમરેલી)



ચૌહાણ નિતી પી.
(ધોરણ–૭,એ– પી.એન.વોરા વિદ્યા નિકેતન પાઠક સ્કુલ – અમરેલી)

### ગ્રામ પંચાયતનાં મંત્રીનાં સહી–સિક્કાનો દુરાગ્રહ

# બાબરાની એસબીઆઈમાં કૃષિ ધિરાણ મેળવતા ખેડૂતો જડ નિયમોથી પરેશાન

### બેન્કનાં અધિકારીઓએ ખેડૂતોનાં હિતમાં યોગ્ય નિર્ણય કરવો જરૂરી

બાબરા, તા. ૧૦

બાબરામાં એપ્રિલ માસથી કૃષિ ધિરાણ ખેડૂતો શહેરની અલગ અલગ મંડળી તેમજ બેંકમાં મેળવી રહ્યા છે. આગામી સિઝન લેવા માટે ખેડૂતો કૃષિ લોનમાં નવા જૂની કરતા હોય છે પણ બેંકના અમુક જડ નિયમોને કારણે ખેડૂતોને શોષવાનો વારો આવી રહ્યો છે અને ખેડૂતો બેંકમાં રજુઆત કે ફરિયાદ કરે છે તો કોઈ સાંભળતું નથી.

બાબરામાં એસબીઆઈ બેંકમાં કૃષિ ધિરાણ મેળવતા ખેડૂતોને ધોળા દિવસે તારા બેંકના મેનેજર અને કર્મચારીઓ દેખાડી રહ્યા છે. અહીં ખેડૂતને કૃષિ ધિરાણ મેળવતા ખેડુતને પાસે બેન્ક દ્વારા હયાતીનો દાખલો માંગવામાં આવ્યો હતો. જેમાં ખેડૂત દ્વારા ગામના સરપંચ પાસે ગ્રામ પંચાયતના લેટરપેડ પર સહી સિકકા સાથે હયાતીનો દાખલો બેન્ક દ્વારા માન્ય નહિ રાખી ગ્રામ પંચાયત મંત્રીનો દાખલો રજૂ કરવાનું કહેતા ખેડૂતોને મુશ્કેલીનો વધારો થયો હતો. હાલ રજાના દિવસો હોવાથી મંત્રી હાજર નથી તેમજ સરપંચ દ્વારા જવાબદારી સાથે દાખલો આપતા હોય તો એસબીઆઈ બેન્કને વાંધો શુ હોય તેવા સવાલો ખેડૂતોમાં ઉઠવા લાગ્યા હતા.

આ બાબતે એસબીઆઈ બેન્ક મેનેજર સાથે વાત કરતા તેઓ દ્વારા જણાવ્યું હતું કે અહીં અમરેલીની મુખ્ય બ્રાન્ચ દ્વારા માન્ય નહિ રાખવામાં આવતો તેમજ ઓડિટ ઈશ્યુ થવાથી સરપંચના દાખલા માન્ય રાખવામાં આવતા નથી. તો અહીં સવાલ એ થાય કે લોકશાહી ઢબે ચૂંટાયેલા ગામના સરપંચ પોતાની જવાબદારી સાથે ગામના નાગરિકનું હયાતીની ખરાય કરી દાખલો કાઢી આપતા હોય છે તો તેની વેલ્યુ કહી નહિ?

હાલ બાબરા એસબીઆઈ બેંકના આવા જડ નિયમોના કારણે ખેડૂતોને શોષવાનો વારો આવી રહ્યો છે. ત્યારે બેંકના જવાબદાર અધિકારીઓ ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય કરે તેવી ખેડૂતોની લાગણી અને માંગણી છે.

### ઝારખંડથી રોજી કમાવવા માટે આવેલ શ્રમિકની પિડા દૂર થઈ

# અમરેલી નવજીવન જનરલ હોસ્પિટલમાં ડો. રાજન કકૈયાની સારવારથી પેરાલીસીસનાં દર્દી ચાલતા થયા

### નવજીવન હોસ્પિટલમાં દર્દીઓને તંદુરસ્ત બનાવવાનું શ્રેષ્ઠ કાર્ય ચાલે છે



અમરેલી, તા. ૧૦

અમરેલીની નવજીવન જનરલ હોસ્પિટલમાં ડો. રાજન કકૈયાની સફળ સારવારથી પેરાલીસીસની અસર પામેલ યુવક ચાલતા થયા છે.

ઝારખંડથી અમરેલીમાં રોજી કમાવવા માટે આવેલા યુવાન દર્દીને સામાન્ય તાવ વગર અસર થતા પ્રાથમિક સારવાર લીધી હતી. પરંતુ બીજા દિવસે બંને પગમાં પેરાલીસીસ જેવી અસર થતા દર્દી પોતે ચાલવાનો પ્રયત્ન કરતા પગનું હલન ચલન બંધ થઈ ગયું હતું. જેથી પોતાની સાથે આવેલા મિત્રોને જાણ થતા તેવો ચિંતામાં પડી ગયા હતા. કેમ કે તેઓને આ અમરેલી શહેરમાં કોઈ વિશેષ જાણકારી હતી નહિ તથા કુંટુંબનું ભરણપોષણ કરવા માટે અને રોજી કમાવવા માટે અહી આવેલ હોવાથી આર્થીક કટોકટી પણ હતી. આ રીતે વ્યવસ્થા કરવામાં બપોરનો સમય થઈ ગયો હતો. ત્યારબાદ નવજીવન જનરલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા જયાં ડો. રાજન કકૈયા દ્વારા તપાસ કરવામાં આવી ત્યારે બંને પગની સાથે–સાથે બંને હાથમાં પણ અસર થવા લાગી હતી. જેથી ઈમરર્જન્સીમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ ભાવનગર કે રાજકોટ સિવિલમાં જવા માટે અને અન્ય રીપોર્ટ કરવા માટે સલાહ આપવામાં આવી હતી. પરંતુ આ દર્દી તથા તેની સાથે આવેલ યુવક પણ બીનગુજરાતી હોવાથી તેમના માટે આ બધું સાવ અજાણુ હતું અને પૈસાની આર્થીક કટોકટીના લીધે વ્યવસ્થા પણ થઈ શકે તેમ ન હતી. આ વાત ડો. રાજન કકૈયાના ધ્યાને આવતા પોતે જ જયાં સુધી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તમામ સારવારની જવાબદારી લઈને જરૂરી તમામ સારવાર ચાલુ કરી દીધી હતી અને સાથે સાથે ભગવત કૃપા પણ થઈ હોય એમ સારવાર અને કૃપાથી દર્દીને સારવારનું ખુબ સારૂં પરિણામ મળ્યું હતું. દર્દી આવ્યા ત્યારે વિલચેરમાં ઉંચકીને લાવવામાં આવ્યા હતા અને સારવાર ચાલુ થતા રાત્રે જ દર્દી પોતાની જાતે ચાલવા લાગ્યા અને તમામ પ્રકારની કમજોરી પેરાલીસીસ જેવી અસરમાં સારૂં થઈ ગયું હતું. સવાર થતાજ સંપૂર્ણ સારું થઈ ગયું હતું ને જે દર્દી પ્રત્યે સહાનુભુતિ જોઈને દર્દી તથા સાથે આવેલા સગાને પણ આંખો ભીની થઈ ગઈ હતી અને તેઓને પણ થઈ આવ્યું કે આજે આવા સમયમાં પણ માનવતાવાદી હોસ્પિટલ અને રાજન કકૈયા જેવા લાગણીશીલ ડોકટર પણ હોય છે. સારવારથી દર્દીને અને સગાને પણ ખુબ સંતોષ થયો હતો અને દુર ઝારખંડમાં રહેલા પોતાના પરિવારને પણ પોતાને સારૂં થઈ ગયાના સમાચાર મળતા પરિવારમાં પણ ખુશીનો માહોલ બની ગયો હતો તથા ખુબ આર્શીવાદ આપ્યા હતા. ખરેખર નવજીવન હોસ્પિટલમાં આ પ્રમાણે ગરીબ દર્દીને નવું જીવન આપીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું છે.

### સૂર્યનારાયણ ભગવાનને વંદના કરવાની સાથે

# બાબરા : કાઠી ક્ષત્રિય સમાજનાં યુવાનો દ્વારા શરબતનું વિતરણ

### સાડા ત્રણ દિવસનાં ઉપવાસને લઈને સેવા કાર્ય



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૧૦

ભગવાન સૂર્ય નારાયણ નાં સાડા ત્રણદિવસના ઉપવાસ પૂરો કાઠી ક્ષત્રિય સમાજ રહે છે. અને એમાં કોઈ સરબતચા પાણી દૂધ તો કોઈ પૂરોદિવસ સાવ પાણી વગર રહે છે.

વરસો થી આ ઉપવાસ રહેવાની પરંપરા ચાલી આવે છે. એને આજ દિન સુધી નિભાવી છે.

નાના બાળકો થી લઈને યુવાનો વડીલો મહિલાઓ સહીત સાડા ત્રણ દિવસના ઉપવાસ કરે છે. અને ભગવાન સૂર્યનારાયણ નાં આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવે છે.

અમુક લોકો ઘરે ઉપવાસ કરે છે તો અમુક ક્ષત્રિય સમાજના લોકો ચોટીલા તાલુકામાં આવેલ જુના સૂરજદેવળ અને નવાસૂરજદેવળ ખાતે આવેલ સૂરજદાદાનાં મંદીરનાં સાનિપ્રયમાં ઉપવાસ કરે છે.

બાબરા માંથી પસાર થતી એસટીબસ સૂરજદેવળ જતી હોય એ બસ માં મોટા ભાગના મુસાફરો ઉપવાસ રેહતા હોય અને પારણાં કરવા જતાં હોય એ હિસાબે બાબરા નાં યુવાનોએ સરબત પાણી પીવડાવી ને પુણ્યનું ભાથું બાંધ્યું હતું.

# સાવરકુંડલાનાં પત્રકારની પુત્રી રૂહિતા ગોરીએ ધો. ૧૨માં સિધ્ધી મેળવી



સાવરકુંડલા, તા. ૧૦

તાજેતર માં લેવાયેલી ૧૦ અને ૧૨ ની બોર્ડ ની પરીક્ષા જેમાં સાવરકુંડલા મુસ્લિમ સમાજના ઉપપ્રમુખ અને પત્રકાર ઈકબાલ ગોરીની દીકરી રૂહિતાં ઈકબાલ ગોરી એ ૧૨ બોર્ડની પરીક્ષા માં ૭૧ ટકા માર્કસ મેળવી પાસ થતાં મુસ્લિમ સમાજ નું ગેરવ વધારેલ છે. રૂહીતા ગોરી અભ્યાસ માં ખુબજ આગળ વધે અને મુસ્લિમ સમાજનું નામ રોશન કરે સુન્ની મુસ્લિમ જમાત ના પ્રમુખ વસીમ ભાઈ મલેક ઉપપ્રમુખ ઈકબાલ ગોરી સુન્ની મુસ્લિમ જમાત ના પૂર્વ પ્રમુખ ઈરફાન ભાઈ કુરેશી પૂર્વ પ્રમુખ હાજી જહિદભાઈ જાદવ પૂર્વ પ્રમુખ ફારૂકભાઈ કાદરી પૂર્વ ઉપપ્રમુખ નાસીરભાઈ ચૌહાણ કાઉન્સિલર રાજેભાઈ ચૌહાણ વીટીવી ના રિપોર્ટર દિલીપ ભાઈ જીરૂકા સંધી જમાત ના પૂર્વ પ્રમુખ અલીભાઈ જાખરા સિપાહી જમાતના પ્રમુખ દિલાવરભાઈ ભટ્ટી જુબેર ભાઈ ચોહાણ આરબ જમાતના પ્રમુખ સિદિક ભાઈ હિમામ, ફકીર જમાત ના પ્રમુખ યુનુસભાઈ ખોખર, સંધી જમાત પ્રમુખ મુન્નાભાઈ, ઉસ્માનભાઈ મિલન ઉસ્માન પઠાણ રફિકભાઈ કુરેશી રફીકભાઈ મોમીન, મીર જમાતના પ્રમુખ ઈમરાનભાઈ ભૂરણી યુનુસભાઈ સવટ વિગેરે વિવિધ જમાતો પ્રમુખો માજી પ્રમુખો આગેવાનો એ અભિનદન પાઠવી શિક્ષણ ક્ષેત્રે આગળ વધો તેવી શુભકામનાઓ પાઠવી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ક્રાંકચ મંડળીમાંથી નાણા ઉપાડી

લીલીયા તાલુકાના કુતાણા ગામના ખેડૂત મનોજભાઈ રામજીભાઈ માંગરોળીયા અને ભવ્ય મનસુખભાઈ જે લીલીયા તાલુકાના ક્રાકચ ગામે આવેલી મંડળીમાંથી ૧.૯૦.૦૦૦ ઉપાડીને પરત તેમના ગામ કુતાણા જતા હતા તે દરમિયાન ક્રાકચ અને ભોરીંગડા વચ્ચે અજાણ્યા મોટર સાયકલ સવારો આવી મનોજભાઈનું મોટર સાયકલ આતરી મારી સામે કાતર કેમ મારે છો તેમ કહી મારા મારી કરી સામાન્ય ઈજા પહોચાડી સુટ કેસ આચકી આ બે અજાણ્યા મોટર સાયકલ પર આવેલા શખ્સો ફરાર થયા હતા આ સુટકેસમાં મંડળી માંથી એક લાખ અને નેવુ હજાર જેવી રકમ હોવાની માહિતી મળી છે આ ઘટના ને લઈને લીલીયા પોલીસમાં જાણ કરતા લિલીયા પોલીસે આ વિસ્તારમાં નાકા બંધી કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી જેમા જાણવા મળતી માહિતી પ્રમાણે લીલીયા પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મેળવી છે ત્યારે અન્ય આરોપી ને ઝડપી લેવા કવાયત હાથ ધરી હતી.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### પ્રગતિ કો. ઓપ. સોસાયટી અને નાગરિક અભિવાદન સમિતિ દ્વારા

# અમરેલી ખાતે આવતીકાલે લોકપ્રિય નેતા દિલીપ સંઘાણીનો અભિવાદન સમારોહ

### કેન્દ્રીય મંત્રી રૂપાલા અને માંડવીયા, પૂર્વ મંત્રી નિતીન પટેલ, આરસી ફળદુ સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે







અમરેલી, તા. ૧૦

અમરેલી ખાતે તા. ૧૨/૫/૨૪ રવિવારના રોજ પ્રગતી ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી ચેરમેન ભાવેશભાઈ રાદડીયા અને દિલીપભાઈ સંઘાણી નાગરીક અભિવાદન સમિતિના કન્વીનર ડો. ભરતભાઈ કાનાબારના સંયુકત ઉપક્રમે સહકારી અને લોકપ્રિય નેતા દિલીપભાઈ સંઘાણીના અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ આમંત્રીત મહેમાન તરીકે કેન્દ્રીત મંત્રી પરશોતમભાઈ રૂપાલા, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, પુર્વ નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલ, ગુજરાત રાજય ભાજપ પુર્વ અધ્યક્ષ આર.સી. ફળદુ, પુર્વ કેબીનેટ મંત્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમા સહીતના અગ્રણી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ સાંજના ૬ કલાકે ગણેશ પાર્ટી પ્લોટ લાઠી રોડ અમરેલી ખાતે યોજાશે સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા ભાવેશભાઈ રાદડીયા, ડો. ભરતભાઈ કાનાબારના માર્ગદર્શન તળે દિલીપભાઈ સંઘાણી નાગરીક અભિવાદન સમિતિના કાર્યકર્તાઓ ભારે જહેમત ઉઠાવી રહયા છે. તેમ મનોજ જોષીની અખબારી યાદીમાં જણાવેલ છે.

સંકુલ ધો. ૧૦ GM ને ધો. ૧૧ EM કોમર્સ પ્રવેશ
ધો. ૧૦-૧૨ A1 A2 ગ્રેડને ધો. ૧૧-૧૨ ફીજ રાહત
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ગર્લ્સ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે. તેમને ઈંગ્લીશ મિડીયમ લેવલે પહોંચાડવા ખાસ વ્યવસ્થા
★ ધો. ૧૦ બોર્ડ A1 - A2 ગ્રેડ ને ધો. ૧૧–૧૨ પૂર્ણ / 25% સ્કૂલ ફી માફ (તમામ ને)
★ ધો. ૧૨ બોર્ડ A1 - A2 ગ્રેડ ને ધો. ૧૧–૧૨ પૂર્ણ / 25% સ્કૂલ ફી પરત (સંકુલ માં કોલેજ કરનાર – સંકુલ સ્કૂલ ગર્લ્સ ને)
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ :- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad021

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૨ | ચણા | ૧૦૭૦ | ૧૨૧૨ |
| ૩ | જુવાર સફેદ | ૬૦૦ | ૬૦૦ |
| ૪ | એરંડા | ૧૦૨૨ | ૧૦૨૨ |
| ૫ | મગફળી | ૧૧૭૧ | ૧૧૭૧ |
| ૬ | બાજરો | ૪૭૬ | ૪૯૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૯૦ | ૧૨૬૧ |
| ૨ | શિંગ મોટી | ૯૫૧ | ૧૩૧૫ |
| ૩ | શિંગદાણા | ૧૧૨૫ | ૧૭૩૮ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૬૯૧ |
| ૫ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૭૬૧ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૨૮૭૮ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૯૯ | ૩૦૩૯ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૪૫૩ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૮૫૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૨૫ | ૬૬૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૨ |
| ૧૨ | મગ | ૧૭૪૨ | ૧૭૯૨ |
| ૧૩ | અડદ | ૧૭૯૫ | ૨૧૦૦ |
| ૧૪ | ચણા | ૯૭૦ | ૧૨૧૪ |
| ૧૫ | ચોળી | ૨૧૭૫ | ૨૧૭૫ |
| ૧૬ | તુવેર | ૧૬૬૦ | ૧૯૦૦ |
| ૧૭ | કપાસ | ૯૪૨ | ૧૫૧૫ |
| ૧૮ | એરંડા | ૧૦૨૫ | ૧૦૬૬ |
| ૧૯ | જીરૂ | ૧૪૪૦ | ૪૮૦૦ |
| ૨૦ | ધાણા | ૧૧૩૫ | ૧૪૯૦ |
| ૨૧ | ધાણી | ૧૧૫૫ | ૧૮૯૦ |
| ૨૨ | અજમા | ૧૬૦૦ | ૨૭૦૦ |
| ૨૩ | મેથી | ૫૫૦ | ૧૦૦૫ |
| ૨૪ | સોયાબીન | ૮૨૦ | ૮૩૬ |
| ૨૫ | મરચા લાંબા | ૭૩૦ | ૩૪૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૧૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૪૦ | ૨૬૦૦ |
| ૩ | ઘઉં | ૪૮૫ | ૫૪૫ |
| ૪ | ચણા | ૧૧૫૪ | ૧૨૨૬ |
| ૫ | જીરૂ | ૩૮૩૯ | ૫૪૫૧ |
| ૬ | જુવાર સફેદ | ૫૮૦ | ૭૩૦ |
| ૭ | એરંડા | ૯૬૫ | ૧૦૦૫ |
| ૮ | મગ | ૧૪૩૦ | ૨૦૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૮૭૦ | ૧૨૬૩ |
| ૨ | શીંગ મોટી | ૯૫૩ | ૧૨૪૧ |
| ૩ | શીંગ નવી | ૧૦૪૧ | ૧૩૧૫ |
| ૪ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૦૧૧ |
| ૫ | તલ કાળા | ૨૯૫૧ | ૩૧૫૧ |
| ૬ | જીરૂ | ૪૭૫૧ | ૫૪૦૦ |
| ૭ | કપાસ | ૧૨૫૧ | ૧૪૮૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૪૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૬ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૮૬ |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૭૨૨ |
| ૧૨ | મગ | ૧૬૦૦ | ૧૮૧૮ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૨૧૬ |
| ૧૪ | દેશી ચણા | ૧૧૨૫ | ૧૨૪૫ |
| ૧૫ | તુવેર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ૧૬ | એરંડી | ૧૦૩૧ | ૧૦૬૯ |
| ૧૭ | મેથી | ૯૦૦ | ૧૦૫૮ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૨૬૫ |
| ૧૯ | સોયાબીન | ૮૦૦ | ૮૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૧૪૮ | ૧૨૫૦ |
| ૩ | ઘઉં | ૪૯૧ | ૫૧૩ |
| ૪ | ચણા | ૧૧૬૭ | ૧૧૬૭ |
| ૫ | ધાણા | ૧૩૨૬ | ૧૩૨૬ |
| ૬ | એરંડા | ૧૦૬૭ | ૧૦૬૭ |
| ૭ | મેથી | ૭૦૦ | ૯૫૨ |
| ૮ | શીંગદાણા | ૧૨૩૦ | ૧૫૦૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૭૫ |
| ૨ | ચણા | ૧૦૪૨ | ૧૧૮૫ |
| ૩ | ધાણા | ૧૧૪૫ | ૧૩૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૮ | ૫૫૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૧૦ |
| ૬ | મેથી | ૮૬૦ | ૯૦૫ |
| ૭ | શીંગફાડા | ૧૪૫૦ | ૧૪૭૦ |
| ૮ | રાયડો | ૭૨૫ | ૭૨૫ |
| ૯ | મગફળી | ૧૧૧૫ | ૧૨૨૦ |
| ૧૦ | સોયાબીન | ૮૩૧ | ૮૩૧ |
| ૧૧ | લસણ | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૧૨ | એરંડા | ૯૪૦ | ૧૦૭૦ |
| ૧૩ | તલ સફેદ | ૨૫૫૦ | ૨૫૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ૨ | તલ સફેદ | ૨૫૨૫ | ૨૭૮૦ |
| ૩ | તલ કાળા | ૨૬૧૧ | ૨૬૧૧ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૯ |
| ૫ | બાજરો | ૪૫૨ | ૫૦૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૩ | ૫૮૧ |
| ૭ | જુવાર | ૪૨૫ | ૮૪૦ |
| ૮ | મગ | ૧૬૫૦ | ૧૮૦૦ |
| ૯ | મેથી | ૮૦૧ | ૧૩૫૧ |
| ૧૦ | તુવેર | ૯૫૦ | ૧૭૯૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૯૦ |
| ૧૨ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૩ | એરંડી | ૮૦૧ | ૯૦૦ |
| ૧૪ | રાય | ૯૦૦ | ૯૦૦ |
| ૧૫ | સુવા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૬ | સોયાબીન | ૮૪૧ | ૮૪૧ |
| ૧૭ | છોલે ચણા | ૧૩૭૧ | ૧૩૭૧ |

## ૯૯.૯૯ પી.આર. તથા ૩ એ-વન ગ્રેડ સાથે ઝળહળતી સિદ્ધિ મળી

# અમરેલીની વિદ્યાગુરૂ સાયન્સ સ્કુલનું ઐતિહાસીક પરિણામ

**ગુજકેટમાં ૯૯.૯૯ પી.આર.સાથે ગુજરાત રાજયમાં ઋત્વિક આદેશરા અને વેદ બુટાણી**

**ગુજરાત બોર્ડ પરિણામમાં ૯૯.૯૨ પી.આર.સાથે જિલ્લામાં પ્રથમ ઋત્વિક આદેસરા**

**સ્કુલનાં ૧૩ વિદ્યાર્થીઓએ સાયન્સમાં એ-વન ગ્રેડ મેળવ્યા**

**સ્કુલનાં ડાયરેકટ મેહુલ ધોળકિયા અંકુર હુંમર અને જતિન મહેતાએ પરિક્ષાર્થીને અભિનંદન પાઠવ્યા**









અમરેલી, તા.૧૦

અમરેલીની વિદ્યાગુરૂ સાયન્સ સ્કુલનું ધો.૧૨નું ઐતિહાસીક પરિણામ આવેલ છે. સ્કુલનાં વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન અને સંચાલકો હુંફ અને પ્રેરણાથી અનેરી સિધ્ધિ મેળવવામાં સફળતા મળેલ છે.

ગુજકેટ-૨૦૨૪ માં ૯૯.૯૯ પી.આર.સાથે ગુજરાત રાજય પ્રથમ બે વિદ્યાર્થીઓ આદેસરા ઋત્વિક સુધીરભાઈ અને બુટાણી વેદ ભાવેશભાઈએ ગૌરવ વધાર્યુ તથા ગુજરાત બોર્ડ પરિણામમાં ૯૯.૯૨ પી.આર.સાથે અમરેલી જિલ્લા પ્રથમ વિદ્યાગુરૂ સાયન્સ સ્કુલના વિદ્યાર્થી આદેસરા ઋત્વિકે સમગ્ર સ્કુલ પરિવાર તથા શિક્ષકોનું ગૌરવ વધાર્યુ ઉપરાંત ૧૩ વિદ્યાર્થીઓ સાયન્સ એ-૧ ગ્રેડ મેળવ્યા તથા ૨૨ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ મેળવ્યા અને સ્કુલનાં કુલ ૧૧૯ વિદ્યાર્થીઓમાંથી ૨૮ વિદ્યાર્થીઓએ ૯૦ પી.આર. કરતા વધુ માર્કસ મેળવી સમગ્ર ગુજરાત રાજયમાં અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ જે બદલ વિદ્યાગુરૂ સાયન્સ સ્કુલ પરિવાર તમામ ઝળહળતા તારલાઓને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે. તેવું સ્કુલના ડિરેકટર મેહુલ ધોળકિયા અંકુર હુંમર અને જતીન મહેતાએ જણાવ્યું હતું.

### શુભેચ્છકોમાં ખુશીનો માહોલ છવાયો

# બાબરા : ઈફ્કોનાં ચેરમેનપદે દિલીપ સંઘાણીની વરણી થતાં આતશબાજી

**ભાજપનાં મહામંત્રી ભૂપેન્દ્ર બસિયા જોડાયા**

બાબરા, તા. ૧૦

દેશની સર્વોચ્ચ સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન તરીકે જિલ્લા ભાજપના વરિષ્ઠ અગ્રણી દિલીપભાઈ સંઘાણીની બિનહરીફ વરણી થતાં સમગ્ર રાજયના સહકાર જગત તેમજ ભાજપમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી.બાબરા શહેર ભાજપ દ્વારા અહીં નાગરિક બેન્ક ચોક ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયાની આગેવાની હેઠળ આતશબાજી કરી ઉજવણી કરવામાં આવી હતી. શહેર ભાજપના પ્રમુખ મુકેશભાઈ



ખોખરીયા, જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ભુપતભાઈ બસિયા, સંજયભાઈ ચાવડા, પ્રતાપભાઈ ખાચર, કિરીટભાઈ પરવાડીયા, ધીરૂભાઈ જાદવ, અલ્તાફભાઈ ગોગદા, નિશાતભાઈ ખાદા, મનીશભાઈ ગોહેલ સહિત ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ટ્રસ્ટ સંચાલિત

# અમરેલી વિદ્યાસભા સ્કૂલનું ધો. ૧૨ નું શ્રેષ્ઠ પરિણામ : પ્રિન્સ કચ્છીને ૯૯.૭૦ પીઆર

**વિદ્યાર્થીઓએ એ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા**

અમરેલી, તા. ૧૦

હોશિયાર વિદ્યાર્થીઓનું પરિણામતો સારૂ જ આવે પરંતુ નબળા વિદ્યાર્થીઓને-૧૧માં પ્રવેશ આપી ધોરણ-૧૨માં શ્રેષ્ઠ પરિણામ આપતી એકમાત્ર સંસ્થા શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા સ્કૂલ - વિદ્યાસભા અમરેલીમાં વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ માં એ૧ ગ્રેડ સાથે અમરેલી જિલ્લામાં તૃતીય કચ્છી પ્રિન્સ ૯૯.૭૦ પીઆર તેમજ ઓઝા સિધ્ધાર્થથે ગણિતમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી શાળાના તેજસ્વી તારલાઓ તરીકે સ્થાન મેળવ્યું છે તથા સામાન્ય પ્રવાહમાં ટાંક મિતુલ ૯૯.૫૭ પી.આર. મેળવે છે. તે બદલ અભિનંદન વર્ષા થઈ રહી છે.

સૌરાષ્ટ્રમાં સૌથી ઓછી ફીમાં ઉતમ શિક્ષણ સાથે અત્યાધુનિક ટેકનોલોજીથી અભ્યાસ અને અનુભવી તથા નિષ્ણાંત શિક્ષકોની ટીમ દ્વારા સતત માર્ગદર્શનના કારણે વિદ્યાર્થીઓ ઝળહળતું પરિણામ પ્રાપ્ત કરી શાળા તથા અમરેલી જિલ્લાનું નામ રોશન કરે છે. આ



સંસ્થામાં વિશાળ ઈન્ફ્રાસ્ટકચર, સ્માર્ટકલાસ દ્વારા શિક્ષણ, આધુનિક લેબ, રમતગમત માં રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ નંબર-૧ શાળાનું બિરૂદ પ્રાપ્ત કરેલ અને વિદ્યાર્થીને શાંત રમણીય વાતાવરણમાં શિક્ષણ સાથે સંસ્કાર દ્વારા બાળકોની શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર થઈ રહ્યું છે.

(ગુજરાત બોર્ડનું ૨૦૨૩-૨૪ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૨.૪૫% અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩% છે. અમરેલી જિલ્લાનું શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઉ.મા અમરેલીનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૫.૩૭% અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૪.૮૨% છે.) ઝળહળતી સફળતા પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્ર ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ પ્રીન્સીપાલ સ્ટાફગણ અને વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા છે. ભવિષ્યમાં ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.


### રાહુલ ગાંધીએ ઉત્તર પ્રદેશના કન્નૌજમાં રેલીને સંબોધી

# ઉ.પ્રદેશમાં ભાજપની મોટી હાર થવા જઈ રહી છે : રાહુલ ગાંધી

**કન્નૌજમાં જે પણ મોટું કામ થયું તે સપાની દેન : અખિલેશ**

કન્નૌજ, તા.૧૦

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે પ્રથમ ત્રણ તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે અને હવે



ચોથા તબક્કામાં માટે રાજકીય પક્ષો પૂરજોશમાં પ્રચંડ પ્રચાર કરી રહ્યા છે. ત્યારે રાહુલ ગાંધીએ ઉત્તર પ્રદેશના કન્નૌજમાં અખિલેશ યાદવની રેલીને સંબોધિત કરતા ભાજપ અને વડાપ્રધાન મોદી પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે 'લખી લો, ઉત્તર પ્રદેશમાં I.N.D.I.A. ગઠબંધનનું તોફાન આવી રહ્યું છે.'

આ ઉપરાંત રેલીને સંબોધિત કરતા દરમિયાન વધુમાં કહ્યું હતું કે 'તમે લખી લો કે ઉત્તર પ્રદેશમાં ભાજપની સૌથી મોટી હાર થવા જઈ રહી છે અને યુપીમાં પરિવર્તન આવશે તો દેશમાં પરિવર્તન આવશે. રાહુલ ગાંધીએ વધુમાં અદાણી-અંબાણીનું નામ લઈને વડાપ્રધાન પર પ્રહાર કરતા કહ્યું કે 'પીએમ મોદીએ ૧૦ વર્ષ સુધી અદાણી અને અંબાણીના નામ લીધા ન હતા, પરંતુ જ્યારે તેઓ ડરી ગયા ત્યારે તેમણે તેમના બે મિત્રોના નામ લીધા અને કહ્યું કે આવો અને મને બચાવો, I.N.D.I.A. ગઠબંધને મને ઘેરી લીધો છે.' આ સિવાય રાહુલે વધુમાં જણાવ્યું હતું કે ' આ વખતે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે નહીં.'

કન્નૌજ લોકસભા મતવિસ્તારના ઉમેદવાર અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે જનસભાને સંબોધતા કહ્યું કે, 'કન્નૌજમાં જે પણ મોટું કામ થયું છે તે સમાજવાદી પાર્ટીની દેન છે.

જો કોઈ હાઈવે પર મુસાફરી કરે તો તેને ખબર હશે કે આ સમાજવાદીઓનો હાઈવે છે. મને પૂરો વિશ્વાસ છે કે કન્નૌજના લોકો એવા લોકોને જવાબ આપશે જે અમારી અને તમારી વચ્ચે દિવાલ બનીને ઉભા છે.'

### જિલ્લા લેઉવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# અમરેલીનાં પટેલ સંકુલનું બંને પ્રવાહનું ધો. ૧૨ નું સર્વોચ્ચ પરિણામ

**એ-વન-૪ માં અને એ-ટુમાં ૨૭ પરીક્ષાર્થીઓ**

અમરેલી તા. ૧૦

અમરેલી પટેલ સંકુલ ધો. ૧૨ બંને પ્રવાહનું ઉજજવળ પરિણામ ધો. ૧૨ આર્ટસનું ૯૮ % તેમાં એ૧ ગ્રેડમાં ૪ સ્ટુડન્ટ, એ૨ ગ્રેડમાં ૨૭ સ્ટુડન્ટ, ૯૫ પીઆર અપ ૧૦ સ્ટુડન્ટ રીઝલ્ટ, ૯૦ પીઆર અપ ૨૪ સ્ટુડન્ટ, તેમજ ધો. ૧૨ કોર્મસનું સ્ટુડન્ટ રીઝલ્ટ ૯૬ % તેમાં એ૧ ગ્રેડમાં ૧૯ સ્ટુડન્ટ એ૨ ગ્રેડમાં ૧૪૧ સ્ટુડન્ટ, ૯૫ અપ પીઆર ૭૩ સ્ટુડન્ટ તેમજ ૯૦ અપ પીઆર માં ૧૩૭ સ્ટુડન્ટ આવેલ છે. ૧૨ સાયન્સનું ૮૩ % સાથે એ૧ ગ્રેડમાં, ૧ એ૨ ગ્રેડમાં ૧૨ સ્ટુડન્ટ આવેલ છે. ૯૫ અપ પીઆર ૮ સ્ટુડન્ટ તેમજ ૯૦ અપ પીઆરમાં ૨૧ સ્ટુડન્ટ આવેલ છે. ઉપકરોત પરિણામ સ્ટુડન્ટની મહેનત સંસ્થાની સિસ્ટમ તેમજ સ્ટાફની ધગશ મહેનતનું પરિણામ છે. સતત રીપીટેડલીના રાઉંડ વેકેશનમાં પણ રોજ એક પેપર લખવાનું જેને કારણે એક માહોલ મહેનતનો થઈ જાય છે. ઉપકરોત સંસ્થાના પરિણામને સંસ્થાના પ્રમુખ મનુભાઈ ઠુમ્મર, ઉપપ્રમુખ પ્રતાપભાઈ જોગાણી, મંત્રી મનુભાઈ ડાવરિયા સહમંત્રી નરેન્દ્રભાઈ હીરપરા, મે.ટ્રસ્ટી નાગજીભાઈ સોજીત્રા ખજાનચી નાનુભાઈ વેકરીયા સંસ્થાના નિયામક મનસુખભાઈ ધાનાણી તથા તમામ ટ્રસ્ટીઓ તમામ ઉર્તિણ સ્ટુડનટને અભિનંદન સાથે આગળ પ્રગતિની શુભકામના પાઠવે છે. તેમજ તામ સ્ટાફને પણ બિરદાવે છે તેમ સંસ્થા વતી વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવ્યું છે.

અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ ' ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસકમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પધ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કિડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૬૩૦૦


## એશિયાની સૌથી મોટી સહકારી સંસ્થા અને ૬૦ હજાર કરોડનું ટર્નઓવર ધરાવતી

# ઈફ્કોનાં ચેરમેન પદે પુનઃ દિલીપ સંઘાણી બિનહરીફ વિજેતા

**અમરેલીનાં ખોબા જેવડા માળીલા ગામે જન્મીને સાગર જેવડી સંસ્થાનાં ચેરમેનપદે બીજી વખત વિજેતા થયા**

**અમરેલી જિલ્લા સહિત રાજયનાં સહકારી જગતનું ગૌરવ વધારતું વ્યકિતત્વ એટલે દિલીપ સંઘાણી**

**સહકારથી સમૃધ્ધિનાં પ્રધાનમંત્રી અને સહકાર મંત્રીનાં વિઝનને આગળ વધારવામાં આવશે**

**ઈફ્કોનાં ચેરમેન બનવા બદલ જિલ્લાનાં રાજકીય, સામાજિક અને સહકારી આગેવાનો દ્વારા દિલીપ સંઘાણી પર અભિનંદનવર્ષા**



અમરેલી, તા. ૧૦

દિલ્હી ખાતે ઈકોના નવા બોર્ડની મીટીંગ આજે યોજાયેલ જેમાં ઈફકોના નવા ચેરમેન તરીકે બોર્ડ ઓફ ડાયરેકટરની મિટિંગમાં સર્વાનુંમતે ચેરમેન તરીકે દિલીપભાઈ સંઘાણી અને વાઈસ ચેરમેન તરીકે બલવીરસિંહની વરણી કરવામાં આવેલ. દિલીપભાઈ સંઘાણીનો પ્રસ્તાવ ઉત્તરાખંડ રાજયના ઈફકોના ડિરેકટર ઉમેશ ત્રિપાઠી મુકેલ જયારે હરિયાણાના ડિરેકટર પ્રહલાદસિંહએ તેમને ટેકો આપેલ એવી જ રીતે વાઈસ ચેરમેન તરીકે બલવીરસિંહના નામ માટે પંજાબના જગદીપસિંહ નકઈએ પ્રસ્તાવ મુકેલ અને પ્રેમચંદ મુનશીએ તેમને ટેકો આપેલ.

દિલીપ સંઘાણીએ જણાવેલ કે, ઈફકોના બોર્ડ ઓફ ડાયરેકટરએ મારા પર વિસદર્શાવવા બદલ હું તમામ બોર્ડ સભ્યોનો ખૂબખૂબ આભાર માનું છું. આવનારા સમયમાં નેનો યુરિયા અને ડ્રોનના પગલે સહકારી ક્ષેત્રે એક નવી ઊંચાઈ પર લઈ જવા માટેની નેમ એમણે વ્યકત કરેલી હતી. ઈફકો દ્વારા નવી ટેકનોલોજીના માધ્યમથી નેનો યુરિયા અને નેનો ડીએપી વિશેની માહિતીનો પ્રચાર પ્રસાર કરી વધુમાં વધુ ખેડૂતોને ઉપયોગી થાય તે માટે પ્રયત્ન કરવામાં આવશે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રના ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન નીચે 'સહકારથી સમૃદ્ધિ' માટે જે સરકારનું વિઝન છે તેમાં આગળ વધવામાં આવશે તેવું સંઘાણીએ આજે ચેરમેન તરીકે ચૂંટાયા બાદ જણાવેલ હતું.

## લુંટારૂઓએ ધોળે દિ'એ કારસ્તાન કર્યુ

# કાંકચ મંડળીમાંથી નાણા ઉપાડી બાઈક પર જઈ રહેલ ખેડુતને આંતરીને લુંટ ચલાવાઈ

## સ્થાનિક પોલીસે ૩ આરોપીઓને દબોચી લીધા

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં અવાર નવાર લુંટની નાની મોટી ઘટનાઓ સામે આવી રહી છે ત્યારે અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ક્રાકચ અને કુતાણા ગામની વચ્ચે બેંક માથી પૈસા ઉપાડીને આવતા ખેડુત ને મોટર સાયકલ સવારે લુંટ ચલાવી ફરાર આ ઘટનાને લઈને લીલીયા પોલીસે આગની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે

અનુસંધાન પાના ૬ ઉપર


હાર્દિક અભિનંદન
દેશની સૌથી મોટી ખેડૂતલક્ષી સહકારી સંસ્થા ઈફ્કો નાં ચેરમેન તરીકે પીઢ સહકારી આગેવાન અને પૂર્વ કૃષિમંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણી ની ચેરમેનપદે પુનઃ બીનહરિફ વરણી થતા અમો સહર્ષ હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.
: શુભેચ્છક :
શ્રી હરજીભાઈ કે. નારોલા - પ્રમુખ
શ્રી અનિલભાઈ બી. જાગાણી - મંત્રી
દામનગર સેવા સહકારી મંડળ લી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૦/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

NETRA CHIKITSA TRUST
SCHOOL OF NURSING -AMRELI
NCT
WE ARE HIRING
Nursing Tutor
QUALIFICATION
B.Sc Nursing
JOIN NOW
Send your resume
7984691227
Time: 9 to 5

Sheetal
માત્ર ₹20/-
ટેસ્ટ સાથે હેલ્થ
શીતલ
મસાલા છાશ

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

આસ્થા હોસ્પિટલ હવે થી
BIMS-AASTHA HOSPITAL
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ નામ થી રેગ્યુલર શરૂ છે
ડો. અશોક એન. પરમાર
હોસ્પિટલમાં નિયમીત ઓપીડી સમય તેમજ ઈમરજન્સીમાં ૨૪x૭ કલાક મળશે.
નોંધ : ડો.અશોક એન. પરમારના કન્સલ્ટીંગ ફી માં કંઈપણ વધારો કરેલ નથી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અમરેલી
આ દરેક નંબર પર કોલ કરી કેશ લખાવી શકો છો
(૦૨૭૯૨) ૨૨૫૮૪૦/૨૨૧૮૨૮/ ૩૫૪૪૪૪ મો.૯૬૩૮૫ ૩૮૫૦૫ મો.૯૪૨૪૪ ૮૨૦૦૦ / ૯૪૨૪૪ ૮૩૦૦૦


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)